

# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી શ્રેયાંસનાથ ભગવાન

## ૧૧





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૧

## શ્રી શ્રેયાંસનાથ ભગવાન

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય<br>
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના<br>
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-. પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અચ્યુત કલ્પથકી ચવ્યા | શ્રી નયવિજય | ૧ |
| અચ્યુતથી પ્રભુ ઉતર્યા | શ્રી વીરવિજયજી | ૧ |
| શ્રી શ્રેયાંસ અગ્યારમાં | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી શ્રેયાંસ-જિન અંતરજામી | શ્રી આનંદઘનજી | ૨ |
| તુમે બહુમૈત્રી રે સાહિબા | શ્રી યશોવિજયજી | ૩ |
| શ્રેયાંસ-જિણેસર ! | શ્રી યશોવિજયજી | ૪ |
| સિંહપુરી નયરી ભલી રે | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી શ્રેયાંસજી (૨) | શ્રી ભાણવિજયજી | ૬ |
| શહેર બડા સંસારકા | શ્રી આનંદવર્ધનજી | ૭ |
| શ્રી શ્રેયાંસ ! કૃપાળ | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| શ્રી શ્રેયાંસ-જિણંદ | શ્રી માનવિજયજી | ૯ |
| શ્રી શ્રેયાંસ-જિનેસરૂ | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૦ |
| શ્રી શ્રેયાંસ-જિન ગુણ | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| વંદું જિન શ્રેયાંસ | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| અબ તો ઉધાર્યો મોહિ | શ્રી હરખચંદજી | ૧૨ |
| શ્રી શ્રેયાંસ-જિણંદજી | શ્રી નયવિજયજી | ૧૩ |
| માહરી લય લાગી તુમ નામે | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| મૂરતિ જોતાં શ્રેયાંસની | શ્રી ઉદયરત્નજી | ૧૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| તું તો વિષ્ણુ નરેસરનંદનો હો | શ્રી જિનવિજયજી | ૧૬ |
| શ્રી શ્રેયાંસ-જિણંદની રે | શ્રી જિનવિજયજી | ૧૭ |
| સાહેબ શ્રી શ્રેયાંસજી | શ્રી હંસરત્નજી | ૧૮ |
| શ્રેયાંસ-જિન સુણો સાહેબા રે, | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| શ્રી શ્રેયાંસની સેવના રે | શ્રી રામવિજયજી | ૨૦ |
| તારક બિરૂદ સુણી કરી | શ્રી રામવિજયજી | ૨૧ |
| મનડું તે સહિયાં ! મોરૂ | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| હાંરે સાહિબ શ્રેયાંસ ! આપોને | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| શ્રેયાંસજિણંદ ઈગ્યારમા | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| છવીશ સહસ લખ છાસઠેજી | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| શ્રી શ્રેયાંસ-જિણંદની | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શ્રીશ્રેયાંસ જિનરાજજીરે | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૭ |
| શ્રી શ્રેયાંસ કૃપા કરો | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| શ્રી શ્રેયાંસજી જિનવર | શ્રી દાનવિમલજી | ૨૯ |
| શ્રી શ્રેયાંસજિન સાહિબા રે | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| મેરો મન કિતહી ન લાગે | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| વંદો વંદો એહ જિણંદ | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| શ્રી શ્રેયાંસ નિઃશ્રેયસ | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| શ્રી શ્રેયાંસ કૃપાકર ઠાકુર | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| શ્રી શ્રેયાંસજિણેસર મહારા | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| શ્રી શ્રેયાંસ પ્રભુ તણો | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મનડો મેં મોહ્યો શ્રી શ્રેયાંસજી | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| શ્રી શ્રેયાંસ-જિણેસર સાચો | શ્રી દાનવિજયજી | ૩૭ |
| નાયકજી હો ! શ્રી શ્રેયાંસ-જિણંદ | શ્રી મેઘવિજયજી | ૩૭ |
| શ્રી શ્રેયાંસ-જિન સાંભળો | શ્રી કેશરવિમલજી | ૩૮ |
| શ્રી શ્રેયાંસ જિણંદજી ! | શ્રી કનકવિજયજી | ૩૯ |
| શ્રી શ્રેયાંસ-જિણંદા, પાય | શ્રી રૂચિરવિમલજી | ૪૦ |
| ઘર બેઠાં આવી મિલ્યાજી | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૧ |
| શ્રી શ્રેયાંસ ! કૃપા કરો તું | શ્રી કીર્તિવિમલજી | ૪૧ |
| શ્રી શ્રેયાંસ-જિણંદની | શ્રી રતનવિજયજી | ૪૨ |
| તું તો સમરથ શ્રેયાંસનાથ રે | શ્રી માણેકમુનિ | ૪૩ |
| સમિહિત-દાયક સુરમણિ | શ્રી દીપવિજયજી | ૪૪ |
| શ્રી સેયંસહ અચ્ચુઅ-કપ્પય | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૫ |
| હો ! જિનવરજી ! નિજ | શ્રી સ્વરૂપચંદજી | ૪૬ |
| શ્રી શ્રેયાંસ જિન-અગિયારમા | શ્રી જશવિજયજી | ૪૭ |
| શ્રી શ્રેયાંસ-જિણંદનું | શ્રી જ્ઞાનવિમલજી | ૪૮ |
| મહેર કરો મહારાજ | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| શ્રી શ્રેયાંસ-જિનેસર સાહિબા | શ્રી જગજીવનજી | ૪૯ |
| શ્રેયાંસ-જિનેસર મેરો | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| શ્રી શ્રેયાંસનાથ જિણંદજી | શ્રી યશોવિજયજી | ૫૦ |
| શ્રી શ્રેયાંસ-જિણંદ ઘનાઘન | શ્રી માનવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી શ્રેયાંસ સુહંકર પામી, | શ્રી વીરવિજયજી | ૫૨ |
| વિષ્ણુ જસ માત | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

# ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્‌......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ચૈત્યવંદન.

## શ્રી નયવિજય કૃત ચૈત્યવંદન

અચ્યુત કલ્પથકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જિણંદ;
જેઠ અંધારી દિવસ છઠ્ઠે, કરત બહુ આનંદ...॥૧॥

ફાગણ વદી બારસે જનમ, દીક્ષા તસ તેરસ;
કેવલી મહા અમાવાસી, દેશના ચંદન રસ...॥૨॥

વદી શ્રાવણ ત્રીજે લહ્યા એ, શિવમુખ અખય અનંત;
સકલ સમીહિત પૂરણો, નય કહે ભગવંત...॥૩॥

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

અચ્યુતથી પ્રભુ ઉતર્યા, સિંહપુરે શ્રેયાંસ;
યોનિ વાનર દેવગણ, દેવ કરે પ્રશંસ..॥૧॥
શ્રવણે સ્વામી જનમિયા, મકરરાશી દુગવાસ;
છદ્મસ્થા તિંદુકતલે, કેવલ મહિમા જાસ..॥૨॥
વાચંયમ સહસે સહિએ, ભવ સંતતિનો છેહ;
શ્રી શુભવીરને સાંઇસ્યું, અવિચલ ધર્મ સનેહ..॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમાં, વિષ્ણુ નૃપતાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥૧॥

વર્ષ ચોરાશી લાખનું, પાળ્યુ જિણે આય;
ખડ્ગી [૧]લંછન પંદકજે[૨] સિંહપુરીનો રાય ॥૨॥

રાજય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ પદ્મને નમતાં અવિચલ થાન ॥૩॥

---

૧. ગેંડો ૨. ચરણકમળે

# શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ ગોડી-અહો ! મતવાલે ! સાજના એ દેશી)**

**શ્રી શ્રેયાંસ-જિન** અંતરજામી,આતમ-રામી નામીરે ।
અધ્યાતમ-મત પૂરણ પામી,સહજ-મુક્તિ-ગતિ-ગામીરે–શ્રી૦॥૧॥

સયલ-સંસારી ઇંદ્રિય-રામી, મુનિ-ગણ આતમ-રામીરે ।
મુખ્યપણેજે આતમરામી, તે કેવળ નિઃકામીરે–શ્રી૦॥૨॥

નિજ[1]-સ્વરૂપે જે કિરિયા સાધેં, તે અધ્યાત્મ લહિયે રે ।
જે કિરિયા કરી ચઉગતિ સાધેં, તે ન અધ્યાત્મ કહિયેરે—શ્રી૦॥૩॥

નામ-અધ્યાતમ ઠવણ-અધ્યાતમ, દ્રવ્ય-અધ્યાતમ છંડો રે ।
ભાવ-અધ્યાતમ નિજ ગુણ સાધેં, તો તેહથી રઢ મંડોરે—શ્રી૦॥૪॥

શબ્દ[2]-અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ[3] આદરજયો રે ।
શબ્દ-અધ્યાતમ ભજના જાણી, દાન-ગ્રહણ મતિ ધરજયો રે—શ્રી૦॥૫॥

અધ્યાતમ તે જે વસ્તુ[4] વિચારી, બીજા જાણ લેબાસી રે[5] ।
વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે, **આનંદઘન**-મત-વાસીરે—શ્રી૦॥૬॥

---

૧. આ ગાથામાં જેનાથી આત્મા કર્મની નિર્જરા કરી પોતાના સહજ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરે તેને શ્રેષ્ઠ અધ્યાત્મ કહેલછે, શુષ્ક અધ્યાત્મ કે શુષ્ક જ્ઞાનયોગની અસારતા જણાવી છે ૨. શબ્દનયથી અધ્યાત્મ ૩. વૃત્તિઓની નિર્વિકલ્પતા ૪. આત્મતત્ત્વની શુદ્ધિ ૫. વેષધારી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (કરમ ન છુટેરે પ્રાણીયા-એ દેશી)

તુમે બહુમૈત્રી[1] રે સાહિબા; માહરે તો મન એક
તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક
શ્રી શ્રેયાંસ કૃપા કરો—શ્રી૦(૧)

મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મલી જાઓ
લલચાવો લખ લોકને, શાથી સહજ ન થાઓ ?—શ્રી૦(૨)

રાગ[૨]-ભરે જન-મન રહો, પણ ત્રિહું કાળ વિરાગ
ચિત્ત તુમારા રે સમુદ્રનું કોય ન પામેરે તાગ–શ્રી૦(૩)

એહવાશું[૩] ચિત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ
સેવકનિપટ[૪] અબૂઝ છે, નિરવહેશો તુમે સાઈ–શ્રી૦(૪)

નિરાગીશું રે કિમ મિળે ? પણ મળવાનો એકાંત
વાચક **જશ** કહે મુજ મિળ્યો, ભગતે કામણ કંત–શ્રી૦(૫)

---

૧. ઘણા મિત્ર=મુલાકાતીવાળા ૨. રાગના સમૂહથી લોકોના મનમાં રહો છો તેમ છતાં પણ તમે ત્રણે કાળ વીતરાગ છો ૩. આવા વીતરાગ પ્રભુથી ચિત્ત મેળવ્યું છે. પણ પ્રથમથી કંઈ યોગ્ય કેળવણી કરી નથી ૪.સેવક સાવ અજાણ છે તમે સ્વામી=ધણી તરીકે થઈ નભાવશો.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (મુખને મરકલડે-એ દેશી)

શ્રેયાંસ-જિણેસર ! દાતાજી સાહિબ ! સાંભળો,
તુમ્હે જગમાં અતિ-વિખ્યાતાજી,–સાહિબ ! સાંભળો
માગ્યું દેતાં તે કિશું[૧] વિમાસોજી ?–સાહિબ ! સાંભળો,
મુજ મનમાં એહ તમાશોજી–સાહિબ ! સાંભળો. (૧)

તુમ્હ દેતાં સવિ [૨]દેવાર્થેજી–સાહિબ ! સાંભળો,
તો અજર[૩] કર્યે શ્યું થાયેજી–સાહિબ ! સાંભળો.
યશ પૂરણ કેમ લહિજેજી !–સાહિબ ! સાંભળો,
જો અજર કરીને દીજેજી–સાહિબ ! સાંભળો. (૨)

જો અધિકું દ્યો તો દેજોજી—સાહિબ ! સાંભળો,
સેવક કરી ચિત્ત ધરજોજી—સાહિબ ! સાંભળો.
જશ કહે તુમ્હ પદ-સેવાજી—સાહિબ ! સાંભળો,
તે મુજ સુરતરૂ-ફળ-મેવાજી—સાહિબ ! સાંભળો. (૩)

૧. વિચારો ૨. આપવા ૩. મોડું

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (નયરી અયોધ્યા જયવતી રે—એ દેશી)

સિંહપુરી નયરી ભલી રે, વિષ્ણુ નૃપતિ જસ તાત
માતા વિષ્ણુ મહાસતી રે, લીજે નામ પ્રભાતોરે- જિન ગુણ ગાઈયે —જિન૦(૧)

શ્રી શ્રેયાંસ જિનેસરૂરે, કનક વરણ શુચિ[1] કાય
લાખ ચોરાશી વર્ષનું રે, પાળે પ્રભુ નિજ આયો રે —જિન૦(૨)

એક સહસશું વ્રત લીયેં રે, અસીય[2] ધનુષ તનુ માન
ખડગી[3] લંછન શિવ લહેરે, સમેતશિખર શુભ ધ્યાન રે —જિન૦(૩)

સહસ ચોરાશી મુનિવરા રે, ત્રણ સહસ લખ એક;
પ્રભુજીની વર સાહુણીરે, અદ્‌ભુત વિનય-વિવેક રે —જિન૦(૪)

સુર મનુજેશ્વર માનવી રે, સેવે પય[4]-અરવિંદ,
**શ્રીનયવિજય**-સુ-શીસને રે, એ પ્રભુ સુરતરૂ-કંદરે —જિન૦(૫)

૧. પવિત્ર ૨. એંશી ૩. ગેંડો ૪. ચરણ-કમળ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

(ઘણું પ્યારો પ્યારો પ્રાણથી તું પ્રભુજી—એ દેશી)

શ્રી શ્રેયાંસજી (૨) વિનતિ અમતણીજી,
માનો તુમે (૨) પ્રાણ આધાર હો
અમ મનની (૨) વાત એ છે ઘણીજી,
એક[૧]-વચને શ્યે[૨] (૨) દાખું પ્રકાર[૩] હો—શ્રી શ્રેયાંસજી૦ (૧)
મોટાને (૨) થોડું જ દાખીએજી,
થોડા માંહિ (૨) ઘણો રે સવાદ હો
મુજ મનમાં (૨) ચિંતા એ મોટકીજી,
ઉપજતે (૨) હૃદય આહ્લાદ હો—શ્રી શ્રેયાંસજી૦ (૨)
હવે જાણ્યું (૨) ચિત્તમાં વિચારતાંજી,
સ્વામી છો તુમ્હે (૨) મનના જાણ હો
તેહ માટે (૨) થોડે વીનવુંજી,
ઘણું તુમ્હને (૨) કહેવું અપ્રમાણ હો—શ્રી શ્રેયાંસજી૦ (૩)
સેવકને (૨) કૃપા કરી દીજીએ જી
અતિ અદ્ભુત (૨) વાંછિત દાન હો
તુમ્હ પાસે (૨) ચાર અનંત છે જી,
અંશ તે દ્યો (૨) ભગવાન હો—શ્રી શ્રેયાંસજી૦ (૪)

ઓળગ[૪] એ (૨) ચિત્તમાં ધારજયોજી,
મુજપે તુમ્હે (૨) હજો મહેરબાન હો,
પંડિતોત્તમ (૨) પ્રેમવિજય તણોજી,
ભાણવિજય તે (૨) ધરે તુમ ધ્યાન હો–શ્રી શ્રેયાંસજી૦(૫)

૧. એક શબ્દથી કે ટૂંકા શબ્દોથી ૨. શી રીતે કહું ? ૩. ઘણી વિગતો ૪. નમ્ર અરજી

## કર્તા : શ્રી આનંદવર્ધનજી મ.

### (રાગ-કેદારો-કુમર પુરંદ સાહસી-એ દેશી)

શહેર બડા સંસારકા, દરવાજે જસુ ચાર રંગીલે આતમા,
ચૌરાશી લક્ષ ઘર વસે, અતિ મોટો વિસ્તાર–રંગીલે૦...(૧)

ઘરઘર મેં નાટિક બને, મોહ નચાવનહાર–રંગીલે૦
વેષ બને કેઈ ભાંતકે, દેખત દેખનહાર–રંગીલે૦...(૨)

ચૌદરાજ કે ચોકમેં[૧], નાટિક વિવિધ પ્રકાર–રંગીલે૦
ભમરી[૨] દેઈ કરત તત્ થેઈ, ફરિ ફરિ એ અધિકાર–રંગીલે૦...(૩)

નાચત નાચ અનાદિકો, હું હાર્યો નિરધાર[૩]–રંગીલે૦
શ્રી શ્રેયાંસ કૃપા કરો, આનંદ કે આધાર–રંગીલે૦...(૪)

૧. ચોકમાં ૨. ઘુમરી ૩. નિશ્ચે કરીને

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

**(થારાં મોહલાં ઉપરિ મેહ ઝરૂંખે ઝબુકે વીજળી હો લાલ ઝરૂંખે દેશી)**

શ્રી શ્રેયાંસ ! કૃપાળ ! ત્રિભુવન-સુખકરો ! હો લાલ-ત્રિભુવન-સુખકરો૦
જગ ઉદ્ધરવા હેત ઈહા તું અવતર્યો હો લાલ–ઈહાં૦
કર કરૂણા જગનાથ ! કહું હું કેટલું-હો લાલ, કહું૦
ભવ-ભવનો ભય ટાળ માંગું છું એટલું, હો લાલ –માંગું૦(૧)

દેતાં દાન દયાળ કે કોસર[1] નહીં (સહી) કીસી-હો લાલ, કેસર૦
જેહવું મુજ શુદ્ધ સ્વરૂપ આપો ઉલ્લસી, હો લાલ-આપો૦
બેસી પર્ષદામાંહિ દેખાડી ગુણતટી[2]-હો લાલ, દેખાડી૦
લહેવા તેહજ રૂપ થઈ મન ચટપટી-હો લાલ–થઈ૦(૨)

જાણ્યા વિણ ગયો કાળ અનંતો ભવ-ભડી, હો લાલ-અનંતો૦
સુણી નિરંજન ! દેવ ! ન જાએ એક ઘડી-હો લાલ, ન૦
ઉતાવળ મનમાંહે થાય છે અતિ ઘણી-હો લાલ, થાય૦
પણ નવિ ચાલે જોર વડાશું આવી ભણી હો લાલ–વડાશું૦(૩)

કહ્યું તમે હિત આણિ અમે નવિ જાણતા હો લાલ, અમે૦
તો આપો જગ-બંધુ ! રખે તુમે તાણતા-હો લાલ, રખે૦
જાણું છું મુનિનાથ ! ઉપાદાન આપણો-હો લાલ, ઉપાદાન૦
સમરે સીઝે કાજ કે નિમિત્ત તુજતણો-હો લાલ, નિમિત્ત૦(૪)

ધ્યાતાં નમતાં તુજને આતમ, અમ તણો-હો લાલ, આતમ૦
કર્મ રહિત જે થાય પસાય તે, તુમ તણો-હો લાલ, પસાય૦
**કીર્તિવિમળ** પ્રભુ પાય સેવો મનસા કરી-હો લાલ, સેવો૦
પામ્યો પરમાણંદ કે શિવ-લચ્છી વરી-હો, લાલ શિ૦(૫)

---

૧. હોંશિયારી ૨.ગુણરૂપ નદી

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (દેશી વાહાણની-રાગ મલ્હાર)

શ્રી શ્રેયાંસ-જિણંદ ઘનાઘન[1] ગહગહયોરે–ઘના૦,
વૃક્ષ અશોકની છાયા સુભર[2] છાઈ રહ્યો રે–સુભર૦
ભામંડળની ઝલક[3] ઝબુકે વિજળીરે–ઝલક૦
ઉન્નત[4] ગઢ[5]-તિગ ઇંદ્રધનુષ શોભા મિલીરે–ધનુ૦...(૧)

દેવ દુંદુભિનો નાદ ગુહિર[6] ગાજે ઘણું રે–ગુહિર૦
ભવિક-જનનાં નાટિક મોર-ક્રીડા ભણુંરે–મોર૦
ચામર કેરી હાર ચલંતી બગ[7]તતીરે–ચલંતી૦
દેશના સરસ સુધારસ વરસે જિનપતિરે–વરસે૦...(૨)

સમકિત ચાતકવૃંદ તૃપ્તિ પામે તિહાંરે–તૃપ્તિ૦,
સકળ કષાય-દાવાનળ શાંતિ હુઈ જીહાંરે–શાંતિ૦
જન-ચિત્તવૃત્તિ સુ-ભૂમિત્રો[8] હાલી થઈ રહીરે,–હાલી૦
તેણી રોમાંચ અંકુર-વતી કાયા લહીરે–વતી૦...(૩)

શ્રમણ કૃષી[૯]-બળ સજ્જ હુયે તવ ઉજમા[૧૦]રે—હુએ૦
ગુણવંત જનમ નક્ષત્ર સમારે સંયમી રે—સમા૦
કરતા બીજાધાન[૧૧] સુ-ધાન[૧૨] નિપાવતા રે સુધાન૦
જેણે જગના લોક રહે સવિ જીવતા રે—રહે૦...(૪)

ગણધર[૧૩]-ગિરિતટ-સંગી થઈ સૂત્ર ગુંથતા રે—થઈ૦
તેહ નદી પ્રવાહે હુઈ બહુ પાવના રે;—બહુ૦
એહ જ મોટો આધાર વિષમ કાળે લહ્યો રે, વિષમ૦
**માનવિજય** ઉવજ્ઝાય કહે મેં સદ્દહયો રે—કહે૦...(૫)

---

૧. વાદળોની ઘટા ૨. સારી ભરપૂર ૩. શોભા ચમકારો ૪. ઊંચા ૫. ત્રણ ગઢ ૬. ગંભીર ૭. બગલાની શ્રેણી ૮. સારી ખેડાયેલ ભૂમિ ૯. ખેડૂત ૧૦. ઉદ્યમવાળી ૧૧. બીજની વાવણી ૧૨. સારું અનાજ ૧૩. ગણધરરૂપ પર્વતના કિનારે થઈ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલજી મ.

### (નિંદરડીની દેશી)

શ્રી શ્રેયાંસ-જિનેસરૂ ! સેવકની હો કરજો સંભાળ[૧] તો
રખે ! વીસારી મૂકતા, હોય મોટા હો જગે દીન-દયાળ તો—શ્રી૦(૧)

મુજ સરિખા છે તાહરે, સેવકની હો બહુ કોડાકોડ તો
પણ સુ-નજર નિરખીઓ, કિમ દીજે ? હો પ્રભુ તેહને છોડ ! તો—શ્રી૦(૨)

મુજને હેજ છે અતિઘણું, પ્રભુ ! તુમથી હો જાણું નિરધાર તો
તો તું નિપટ નિરાગીઓ, હું રાગી હો એ વચન-વિચાર તો—શ્રી૦(૩)

વળી ન્હાનું મન માહરૂં, હું તો રાખું હો તુમને તે માંહિ
તો હું રાગી પ્રભુ ! તાહરો, એકાંગી હોય ગ્રહીયેં પ્રભુ-બાંહિ તો—શ્રી૦(૪)

નિ-ગુણો નવિ ઉવેખીએ, પોતવટ[2] હો ઈમનો હેં સ્વામિ તો
**જ્ઞાનવિમલ**-પ્રભુ ! શું કરો ? વિણુ અંતર હો સેવક એકતાન તો—શ્રી૦(૫)

---

૧. સારવાર ૨. વહેતાપણું

## કર્તા : શ્રી ભાવવિજયજી મ.

**(રાગ કેદારો-હીર ઉતારે હો ભવપાર-એ દેશી)**

શ્રી શ્રેયાંસ-જિન ગુણ-ગાન; કરો ભવિયણ !
ધ્યાન શુભ ધરી, મન કરી એક તાન—શ્રી૦(૧)

વિષ્ણુ ભૂપતિ-તાત માતા, વિષ્ણુદેવી પ્રધાન
સિંહપુરનો નાથ સત્ત્વે, સબલ સિંહ સમાન—શ્રી૦(૨)

લંછન ખડગી-જીવ એંસી[1] ધનુષ સ[2]-તનુ-માન
ઋષભ[3]-કુલ-માન સરોવર-હંસ પુણ્યનિધાન—શ્રી૦(૩)

યક્ષ યક્ષેસર સુરી વળી, માનવી અભિધાન
જાસ શાસનદેવ સોહે, સકલ-સિદ્ધિનિદાન—શ્રી૦(૪)

લાખ ચોરાશી વરસ જીવિત, દેહ ચંપકવાન
ભાવ કહે અગ્યારમો જિન, દિઓ મુજ વરદાન—શ્રી૦(૫)

---

૧. એંશી ૨.પોતાના શરીરનું પ્રમાણ ૩. ઋષભદેવ પ્રભુના કુળરૂપ માનસરોવર હંસ સમા

## કર્તા : શ્રી વિનયવિજયજી મ.

વંદુ જિન શ્રેયાંસ, હંસ તણી પરિં[1], મુનિજન-મનકમલેં રમેએ૦(૧)
મુજ મન તરૂઅર[2] છાંહ, સ્વામી અનુસરો, જનમ સફળ માહરો કરોએ૦(૨)
વિષ્ણુ નરેસર વંશ, ધજા તણી પરે, જેણે કીધો જગે ગાજતોએ૦(૩)
નિસુણો ! વયણ મુજ તાત, હું ભમીયો ઘણું, ભવ-સાયરના પૂરમાં[4]એ૦(૪)
હવે નિજ પાસે રાખો, દાખો શુભમતિ, **વિનય** કરે ઇમ વિનતિ એ૦(૫)

૧. જેમ ૨. શ્રેષ્ઠ ઝાડ ૩. છાયા ૪. પાણીના ખેંચાણમાં

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-ગૌડ મલ્હાર)

અબ તો ઉધાર્યો[1] મોહિ[2] ચહિયે[3] જિનંદરાય—અબ૦
રાખો[4] મેં ભરોસોં[5] રાવરે[6] ચરનકો—અબ૦
સુનહો શ્રેયાંસનાથ ! સાચો શિવપુર સાથ૦
બિરૂદ તુમારો પ્રભુ ! તારન-તરનકો—અબ૦..(૧)

સિંહપુરી જન્મ ઠામ, વિષ્ણુસેન પિતા નામ૦
વપ્રારાની કુખે જાયો, કંચન બરનકો—અબ૦..(૨)

વરસ ચોરાશી લાખ, આયુ પ્રમાન ભાખ૦
લંછન ચરન ખડ્ગી, સુખકે કરનકો—અબ૦..(૩)

હું તો હું અ-નાથ ! તુમ નાથ ! પ્રભુ
તુમ બિન ઔર નાંહિ, દૂસરો શરનકો—અબ૦..(૪)

પ્રભુકે પાદારવિંદ, પૂજત હર્ષચંદ
દીજીએ શિવ, દુ:ખ મેટિયે મરનકો—અબ૦...(૫)

૧. ઉદ્ધરવો ૨. મને ૩. જોઈએ ૪. રાખ્યો છે ૫. વિશ્વાસ ૬. આપના

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (રહો રહો રહો વાલહા-એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિણંદજી ! અવધારો અરદાસ લાલ રે
દાસ કરી જો લેખવો,[1] તો પૂરો મન-આશ-લાલ રે શ્રી૦(૧)

મોટા-નાના આંતરું, લેખવે[2] નહિ દાતાર—લાલ રે
સમ-વિષમ સ્થલ નવિ ગણે, વરસંતો જલધાર[3]—લાલ રે શ્રી૦(૨)

નાનાને મોટા મિલ્યા, સહી તે મોટા થાય—લાલ રે
વાહુલીયા[4] ગંગા મિલ્યા, ગંગપ્રવાહ કહાય—લાલ રે શ્રી૦(૩)

મોટાને મોટા કરો, એ તો જગતણી રીત—લાલ રે
નાના જો મોટા કરો, તો તુમ્હ પ્રેમ-પ્રતીત-લાલ રે-શ્રી૦(૪)

ગુણ અવગુણ નવિ લેખવે, અંગીકૃત જે અમંદ—લાલ રે
કુટિલ કલંકી જિમ વહ્યો, ઇશ્વર શિશે ચંદ લાલ રે—શ્રી૦(૫)

અવગુણીયે પણ ઓલગ્યો, ગુણવંત તું ભગવંત—લાલ રે
નિજ-સેવક જાણી કરી, દીજે સુખ અનંત—લાલ રે—શ્રી૦(૬)

ઘણી શી વિનંતી કીજીયે ? જગજીવન જિનનાહ—લાલ રે
**નયવિજય** કહે કીજીએ, અંગીકૃત-નિરવાહ લાલ રે—શ્રી૦(૭)

૧. ગણો ૨. ગણતા ૩. મેઘ ૪. નાના પ્રવાહો

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

માહરી લય લાગી તુમ નામે—શ્રેયાંસજી, અધિક અધિક ચિત્ત હિત કરી
ધારી કાયા કનકસી દેખી—શ્રેયાંસજી, કરહર[૧] પૂજાણરી ખરી—માહરી૦(૧)

માહરો સફળ જન્મ હુવો શ્રેયાંસજી, સ્વામી ! દુઃખ દોહગ દુર્ગતિ ટલી
મારા[૨] નયન અમન કરી ચૈન—શ્રેયાંસજી, ભાલો થૈં પ્રેમઇં ભરી—માહરી૦(૨)

થારે વિષ્ણુ પિતા નામે નીકા—શ્રેયાંસજી, માતા ધન્ય વિષ્ણુ સુંદરી
માહરે તે મન અયસી બની—શ્રેયાંસજી, અધિક ન કાથાં[૩] ઉપરી[૪]—માહરી૦(૩)

માહરે જડિતઘડિત કલધૌતે[૫]—શ્રેયાંસજી, મોહન મુકુટ શોભા સીસરી
ખડગી લંછન પાએ—શ્રેયાંસજી, નગરી ભલેરી સિંહપુરી—માહરી૦(૪)

થાંરા મુખકી સુખમા[૬] સરસ—શ્રેયાંસજી, ઉવારી[૭] ડારું ઉડુપતિ કોડરી
થાંહરા અંગ-ઉપાંગ લાગૈ એન[૮]—શ્રેયાંસજી, દેખતહી દીઠઈ ઠરી—માહરી૦(૫)

થાંહરો દોલા[૯] ઓલા[૧૦] ઓલે[૧૧]–શ્રેયાંસજી, સુર નર વિદ્યાધર પરી[૧૨]
સા વેલા કદિ હોસી–શ્રેયાંસજી,ભગતિ કરીજૈ ઈક[૧૩] ઘારી–માહરી૦(૬)

થાંહરી દીઠી મીઠી વાણી–શ્રેયાંસજી, હુંસ રહૈ બહુ સુણણરી
થૈં તો મોજ દીયણ મહારાણ–શ્રેયાંસજી, ગુણ ગણણૈ રસનારરી–માહરી૦(૭)

થાંહરે નહી કમણા[૧૪] કિણ[૧૫] વાતૈ–શ્રેયાસંજી, એમ વિમાસો ઉર[૧૬] પરી
મોદક[૧૭] ઓદન આંખ્યા દેખ્યાં–શ્રેયાંસજી, ગરજ તિણૈ નવિ કયાસરી–માહરી૦(૮)

મન પ્રસન કરી મોસું–શ્રેયાંસજી, વિશદ[૧૮] વહેજયો બાંહરી
થાંરો વિછુડણ[૧૯] પલ[૨૦] ન સુહાવૈ–શ્રેયાંસજી, વાત કહું છું પાધરી[૨૧]–માહરી૦ (૯)

થાંરી ભાવ-ભગતિ પૂજા ગાવૈ–શ્રેયાંસજી, રામગિરી આસાઉરી
નિફલી તો ન હુવૈ સેવા–શ્રેયાંસજી, ભવસમુદ્ર તારણ તરી[૨૨]–માહરી૦ (૧૦)

ઋદ્ધિસાગર ધરઈ પદવી–શ્રેયાંસજી, પ્રવર પંડિતરાય પૂજરી
થૈં તો ઋષભ તણી ઈચ્છા પૂરો–શ્રેયાંસજી, કાય મનૌ વલિ વાચરી–માહરી૦ (૧૧)

---

૧. ઉત્કંઠા ૨. તમારા નેત્રોની સારી ગતિ કરીને તમે પ્રેમ ભરી નજરે નિહાળો-જુઓ ૩. તમારા ૪. ચઢીયાતા ૫. સોનાથી ૬. શોભા ૭. કરોડો ચંદ્રને ઓવારી નાંખુ (પાંચમી ગાથાનીબી લીટીનો ભાવાર્થ) ૮. એવી શોભા છે ૯. દુર્લભ ૧૦. ચહેરા ૧૧. ઓવારી જાય ૧૨. સ્ત્રીઓ ૧૩. એક ઘડી ૧૪. ખામી ૧૫. કોઈ ૧૬. હૃદયમાં ૧૭. સારા આનંદદાયી ૧૮. સારી રીતે ૧૯. જુદા પડવાની ૨૦. સમય ૨૧. સીધી-સાદી ૨૨. નાવ

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

મૂરતિ જોતાં શ્રેયાંસની, માહરૂં મનડું મોહયું રે,
ભાવે ભેટતાં ભવના દુઃખનું, ખાંપણ ખોયું રે—મૂરતિ (૧)

નાથજી ! માહરી નેહની નજરે, સાહમું જોયું રે,
મહેર લહિ મહારાજની મેં તો પાપ ધોયું રે—મૂરતિ (૨)

શુદ્ધ સમકિત રૂપ સમક્તિ રૂપ શિવનું, બીજ બોલ્યું રે,
ઉદયરત્ન પ્રભુ પામતાં, ભાગ્ય અધિક સોહયુ રે—મૂરતિ (૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(મારી લાલનંદનના વીરા હો, રસીઆ નવ ગોરી નાહલીયા)**

તું તો વિષ્ણુ નરેસરનંદનો હો, જિ૦ માતા વિષ્ણુ ઉર ધર્યો,
તું તો જગ-જંતુ હિતકાજ હો, જિ૦ બારમા સ્વર્ગથી અવતર્યો૦...(૧)

તું તો ત્રિભુવન-તિલક-સમાન હો, જિ૦ સમતાસુંદરી[1] નાહલીઓ,
થયો તીન ભુવન ઉદ્યોત હો, જિ૦ દિશિકુમરી હુલરાવીઓ૦...(૨)

ખડગી[2]લંછન કંચન વાન હો, જિ૦ અતિશય ચાર અલંકર્યો,
ત્રણ જ્ઞાન સહિત ભગવાન હો, જિ૦ જન્મોચ્છવ સુરવરે કર્યો૦...(૩)

તું તો કલ્યાણાંકુર[3]—કંદ હો, જિ૦ વંશ ઈક્ષ્વાગ સોહાવીઓ
ગુણનિષ્પન્ન ગુણધામ હો, જિ૦ શ્રેયાંસ નામ ઠરાવીઓ૦...(૪)

તું તો વરસી વરસીદાન હો, જિ૦ રાજ્ય તજી સંયમ ધર્યો
તે તો જીતી પરિસહ ફોજ હો, જિ૦ કેવળ કમળા બહુ વર્યો૦..(૫)

બેસી ત્રિગડે ત્રિભોવન-નાથ હો, શિવપુર સાથ ચલાવીઓ
એક જોયણ સરીખે સાદ હો, જિ૦ ઉપદેશનાદ વજાવીઓ૦..(૬)

ભવઅડવી[૪] તસકર[૫] દોય હો-જિ૦ તેહનો મર્મ બતાવીઓ
**ક્ષમાવિજય** ગુરુરાય હો-જિ૦ સેવક **જિન** ગુણ ગાવીઓ૦..(૭)

---

૧. નાથ ૨. ગેંડો ૩. કલ્યાણરૂપ અંકુરના મૂળ સમા ૪. સંસાર-જંગલ ૫. બે ચોર=રાગદ્વેષ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (નાન્હો નાહલો રે-એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિણંદની રે, સૂરતિ[૧] સુંદર દેખી-લાગી મોહની રે
મધુકર[૨] માચ્યો માલતી રે, બીજા રુખ[૩] ઉવેખી-લાગી૦(૧)
આવળ-ફૂલ જ્યું ફુટડારે,[૪] નહીં ગુણ પરિમળ[૫] લેશ–લાગી૦
વેશ બનાવે દેવનો રે, તિહાં શ્યો પ્રેમ-નિવેશ–લાગી૦(૨)
બેપરવાહી પદમાસને રે, મુખ શશિ સહજ-પ્રસન્ન–લાગી૦
નયન પીયૂષ[૬]-કચોલડા રે, વિગત[૭]-વિકાર પ્રસન્ન–લાગી૦(૩)
રાગ-દ્વેષ વિણ એકલો રે, ખડગી-શૃંગ ઉપમાન–લાગી૦
વિષ્ણુ પિતા વિષ્ણુ માવડી રે, વિશ્વમાં વ્યાપી જ્ઞાન–લાગી૦(૪)

સૂતાં જાગતાં ઉઠતાં રે, ચાલતાં કરતાં કામ—લાગી૦
બોલતાં બેસતાં સાંભરે રે, **ક્ષમાવિજય-જિન** નામ—લાગી૦(૫)

૧. ચહેરો ૨. ભમર ૩. વૃક્ષ=ઝાડ ૪. સુંદર ૫. સુગંધ ૬. અમૃત ૭. ચાલ્યો ગયો છે વિકાર જેમાંથી

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(કલાલણી ! તે મોરો મન મોહીયો હો લાલ-એ દેશી)**

સાહેબ શ્રી શ્રેયાંસજી ! સાંભળો હો લાલ૦
મુજ મન અચરજ એહ-સુણ સાહેબા૦
હું ગુણરાગી તાહરો હો લાલ, તું કિમ નાણે નેહ—સુણ૦
પ્રીત જાણી પ્રભુ તાહરી હો લાલ૦...(૧)

હું ચાહું તુજ ચાકરી હો લાલ, તું તિમતિમ રહે દૂર—સુણ૦
શ્યે ગુન્હે રાખો નહી હો લાલ, મુજને આપ-હજૂર—સુણ૦ પ્રીત૦....(૨)

હેજ દેખાડી હેળવ્યો હો લાલ, મુજને તેં મહારાજ—સુણ૦
હવે મન અંતર રાખવો હો લાલ, ન ઘટે ગરીબ-નિવાજ ! સુણ૦ પ્રીત૦....(૩)

ડુંગરા કેરા વાહુલા[૧] હો લાલ, વળી ઓછાંના નેહ—સુણ૦
વહેતાં વહે ઉતાવલા હો લાલ, ઝબક દેખાડે છેહ—સુણ૦પ્રીત૦....(૪)

ઉત્તમ નર જે આદરે હો લાલ, તે પૂરો નિર્વહે પ્રેમ—સુણ૦
ફાટે પણ ફીટે નહીં હો લાલ, રંગ કરારી[૨] જેમ—સુણ૦ પ્રીત૦...(૫)

પુરૂષોત્તમ પ્રભુ ! તું સહી હો લાલ, સહજે જગ આધાર—સુણ૦
મુજને મનથી ઉતારતાં હો લાલ, કિમ રહેશે ! તુજ કાર[3]—સુણ૦ પ્રીત૦....(૬)

હંસરતનની વિનતિ હો લાલ, સફળ કરો જગભાણ—સુણ૦
શું કહીયે તુજને ઘણું હો લાલ, તું છે સુગુણ સુજાણ—સુણ૦ પ્રીત૦....(૭)

---

૧. વહેણ=ઝરણાં ૨. ચોલ-મજીઠનો ૩. મર્યાદા

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (કંકણની દેશી)

શ્રેયાંસ-જિન સુણો સાહેબા રે, જિનજી ! દાસ તણી અરદાસ-દિલડે વસી રહ્યો
દૂર રહ્યાં જાણું નહિ રે; પ્રભુ તુમારે પાસ—દિલડે૦(૧)

હાંરે ! મૃગને જયું મધુર આલાપ,[1] દિલ૦ મોરમેં પીંછ કલાપ; દિલ૦
જળ થળ મહિયલ જોવતાં રે, જિ૦ ચિંતામણિ ચઢયો હાથ; દિલ૦
ઉણમ[2] શી હવે માહરે રે, જિ૦ નિરખ્યો નયણે નાથ. દિલ૦(૨)

ચરણે તેહને વિલગિયેં[3] રે, જિ૦ જેહથી સીઝે કામ; દિલ૦
ફોગટ શું ફેરો તિહાં રે જિ૦ પૂછે નહિ પણ નામ—દિલ૦(૩)

કૂડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત—દિલ૦
આપોપું[4] રાખે ઘણા રે, જિ૦ પર[5]રાખે તે સંત—દિલ૦(૪)

દેવ ઘણા મેં દેખિયા રે, જિ૦ આડંબર પટરાય–દિલ૦
નિગય[૬] નહિ પણ સોડથી[૭] રે, જિ૦ આઘા પસારે થાય–દિલ૦(૫)

સેવકને જો નિવાજીયેં રે, જિ૦ તો તિહાં શાને જાય–દિલ૦
નિપટ[૮] નિરાગી હોવતાં રે, જિ૦ સ્વામીપણું કિમ થાય–દિલ૦(૬)

મેં તો તુજને આદર્યો રે, જિ૦ ભાવે તું જાણ મ જાણ–દિલ૦
રૂપવિજય કવિરાયનો રે, જિ૦ **મોહન** વચન પ્રમાણ–દિલ૦(૭)

---

૧. સંગીતના સૂર ૨. ઓછાશ ૩. વળગીએ ૪. પોતાપણું ૫. બીજાને લાભદાયી બને તે સંત કહેવાય (ચોથી ગાથાની ચોથી લીટીનો અર્થ) ૬. નજીક ૭. પાસેથી ૮. સાપ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (પ્રભુજીની ચાકરી રે-એ દેશી)

શ્રી શ્રેયાંસની સેવના રે, સાહિબા ! મુજને વાલ્હી[૧] જોર[૨]૦
પ્રભુને સેવીયેરે ? પ્રભુ દેખી હરખું હિયેરે૦
સાહિબા ! જિમ ઘન[૩] દેખી મોર–પ્રભુ૦...(૧)

અણીયાળી[૪] પ્રભુ આંખડી રે, સા૦ મુખ પુનમનો ચંદ–પ્રભુ૦
અહનિશે ઊભા ઓળગે[૫] રે, સા૦ જેહને ચોસઠ ઇંદ–પ્રભુ૦...(૨)

ફૂલપગર[૬] ઠીંચણસમા રે, સા૦ લહકે વૃક્ષ અશોક–પ્રભુ૦
દિવ્યધ્વનિ પ્રભુ દેશના રે, સા૦ મોહે ત્રિભુવન લોક–પ્રભુ૦...(૩)

ચામર છત્ર સોહામણા રે, સા૦ ભામંડલ મનોહાર—પ્રભુ૦
વાજે દેવની દુંદુભિ રે, સા૦ સિંહાસન સુખકાર—પ્રભુ૦...(૪)

આપો શિવસુખ સંપદા રે, સા૦ પ્રભુશું પૂરણ પ્રેમ—પ્રભુ૦
**વિમલવિજય** ઉવજ્ઝાયનો રે, સા૦ **રામવિજય** કહે એમ —પ્રભુ૦....(૫)

---

૧. પસંદ ૨. ધણી ૩. મેઘ ૪. સુંદર ૫. સેવે ૬. ફુલના ઢગલા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(વીજલ બોલાવા હું ગઈ કાંઈ ઉભી શેરી વીચ વીજલ વાલમા-એ દેશી)**

તારક બિરૂદ સુણી કરી, હું આવી ઉભો દરબાર —શ્રી શ્રેયાંસ સાહિબા
પ્રભુ ! ઘણી તાણ[1] ન કીજિએ, મુજ ઉતારો પાર—શ્રી૦....(૧)
કાળાદિક દૂષણ દાખતાં, દાતારપણું કિમ થાય ?—શ્રી૦
જો વિણ અવલંબન[2] તારીએ, તો જગ સઘળો જશ ગાય—શ્રી૦....(૨)

બાળકને સમજાવવા, કહેશો ભોળામણી વાત—શ્રી૦
પણ હઠ કીધો મૂકીશ નહી, વિણ તાર્યે ત્રિભુવનતાત—શ્રી૦....(૩)

જો મન તારણનું[3] અછે, તો ઢીલ તણું શું કામ—શ્રી૦
ચાતક[4] નીર મુખ-દૂખણે, થઈ મેઘઘટા જગ શ્યામ—શ્રી૦....(૪)

તુજ દરશણથી તાહરો, હું કહેવાણો જગમાંહે—શ્રી૦
હવે મુજ કુણ લોપી શકે, બળિયાની ઝાલી બાંહે—શ્રી૦...(૫)

**વિષ્ણુકુમાર** વાલેસરૂ, પ્રભુ **સિંહપુરીનો** રાય–શ્રી૦
લાખ ચોરાસી વર્ષનું પ્રભુ પાળ્યું પૂરણ આય–શ્રી૦...(૬)

ધનુષ એંશી તનુ શોભતું, ખડગી લંછન જગદીશ–શ્રી૦
હરખ ધરીને વિનવું, **શ્રીસુમતિવિજય** કવિશીશ–શ્રી૦...(૭)

---

૧. આગ્રહ=ખેંચાખેંચ ૨. બહાના ૩. તારવા માટેનું ૪. ચાતકને પાણી માટે મુખ=મોં દુઃખી આવ્યું એટલે જ વાદળાની ઘટા શ્યામ થઈ (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(ગઢડામે ઝૂલે સહિયાં હાથણિ એ-દેશી)**

મનડું તે સહિયાં ! મોરૂ મોહિયું,
દેખીને જિનવર શ્રી શ્રેયાંસ,
મ્હારે આંગણે[1] ઈહિ સહિયાં ! આંબો મોરિઓ
ભાવ ભાગી સહિયાં ! મોરડી,
પ્રગટયાં છે પુણ્યના રૂડા અંશ–મ્હારે૦...(૧)

દૂધે તે વૂઠા સહિયાં ! મેહુલા,
ફલી છે આંગણે મોહનવેલ–મ્હારે૦
અમિયશ્યું[2] સેંચ્યા સહિયાં ! નયણલાં,
વધતી છે અમચે[3] ઘર રંગ રેલ–મ્હારે૦...(૨)

સાચો એ સાહિબ સહિયાં ! સેવતાં,
મનડાના દેશ્યે રૂડા કોડ–મ્હારે૦
જોતાં ન દીસે સહિયાં ! એહવો,
બીજો નહી જગમાં ઈહની જોડ –મ્હારે૦....(૩)

રાણી શ્રીવિષ્ણુ સહિયાં ! જનમિઓ,
રાજા શ્રીવિષ્ણુતણો કુળ ભાણ–મ્હારે૦
લંછન તે ખડગી[૪] સહિયાં ! જેહને,
વાલ્હો તે જિનવર જગનો ભાણ–મ્હારે૦...(૪)

લાગી હે સહિયાં ! પૂરણ પ્રીતડી,
મુખડાથી તે તો ન કહેવાય–મ્હારે૦
રંગે હે સહિયાં ! જિનને વાંદતાં,
પ્રેમે હે **કાંતિવિજય** સુખ થાય–મ્હારે૦...(૫)

---

૧. અહીં ૨. અમૃતથી ૩. અમારા

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(હાંરે હરીતવરણા સૂડા શેત્રુંજો ગિરવરિયો કેતિક દૂર-એ દેશી)**

હાંરે સાહિબ **શ્રેયાંસ** ! આપોને જિનવરીયા સુખ ભરપુર
હાંરે મુજ માનસહંસા, હાંરે મુનિકુળ અવતંસા[૧],
હાંરે ટાળે ભાવિ સંસાર હાંરે–સાહિબ૦(૧)

તુંહી સકળ અકળ પણ તુંહી,
તુજ કર્મ કળા નવિ લાગી રે–સાહિબ૦(૨)

તુંહી સગુણ-નિર્ગુણ વર તુહીં,
તું અનંત કેવળનો ભાગી રે—સાહિબ૦(૩)

તુંહીં સ્થૂલ સૂક્ષ્મ પણ તુંહીં,
તુજ ચિદાનંદ મતિ જાગી રે—સાહિબ૦(૪)

વ્યક્ત રૂપે અ-વ્યક્ત નગીનો,
તું સદાનંદ વૈરાગી રે—સાહિબ૦(૫)

તું સુવર્ણ[૩] પણ વર્ણ[૪]-વિવર્જિત,
લઘુ - ગુરૂતાનો ત્યાગીરે —સાહિબ૦(૬)

નિત્ય સનાતન બ્રહ્મ-સરૂપી,
પ્રભુ ન્યાય નિપુણ સોભાગી રે—સાહિબ૦(૭)

---

૧. મુકુટસમાન ૨. સંશય ૩. કંચનવર્ણ કાયાવાળા ૪. રંગ રહિત=અરૂપી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (દેશી વીંછીયાની-રાગ સિંધુ)

શ્રેયાંસજિણંદ ઈગ્યારમા, તેહશું મુજ લાગ્યું મન્નરે
તે અળગું કદિયે નવિ રહે, જિમ ભાત[૧] પટોળે વન્નરે—શ્રે૦(૧)

પ્રભુ નિરાગી જાણી કરી, મેં જોડ્યું એ એકંગરે હવે એક રૂપ જે એ હોયે,
એટલે અમે નાહ્યા ગંગરે શુભ ધ્યાનના ગંગ તરંગરે—શ્રે૦(૨)

વિષ્ણુભૂપ વિષ્ણુમાવડી, નંદન ગુણ મણિ-ખાણિરે
એકલમલ્લના ઉપમાનથી, ખડગીનું[2] શૃંગ જાણિરે—શ્રે૦(૩)

પ્રભુ ચોળરંગ નવિ ઊતરે, જાયે તે રંગ પતંગરે,
ઓછા કાચા બહુ કરે, ગિરૂઆ હોયે સહજ અભંગરે—શ્રે૦(૪)

ઈમ જાણી નિજ દાસને, નિજ સમ ગુણ કીજે નાથરે
એતી **ન્યાયસાગર** વિનતી, તારો મુજને ગ્રહી હાથરે—શ્રે૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

**(પ્રથમ ગોવાલાતણે ભવેજી-એ દેશી)**

છવીશ સહસ લખ છાસઠેજી, વરસ સો સાગર એક
ઉણાં કોડિ સાગરતણુંજી, શ્રેયાંસ-અંતર છેક રે
ભવિકા ! વંદો શ્રી જિનરાજ ?
તુમે સારો[1] આતમ કાજ રે—ભવિકા૦(૧)

જેઠ વદિ છઠ્ઠિ દિનેજી, ફાગણ વદિમાં રે જોય
બારસને દિને જનમીયાજી, કંચન વરણા હોય રે—ભ૦...(૨)

એશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધી રે શ્વાસ
ફાગણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસ રે—ભ૦...(૩)

જ્ઞાન અમાસ માહ માસનીજી, આયુ ચોરાશી લાખ
વર્ષ શ્રાવણ વદિ શિવ વર્યાજી, ત્રીજ દિને ઈમ ભાખ રે—ભ૦...(૪)

જિન કલ્યાણક દીઠડાંજી, ધન્ય ઉત્તમ નર નાર
**પદ્મ** કહે સફળો કર્યોજી, માનવનો અવતાર રે–ભ૦...(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

**(વારી હું ગોડી પાસજી-એ દેશી)**

શ્રી શ્રેયાંસ-જિણંદની, અદ્‌ભુતતા ન કહાય–મોહન
સંજમ ગ્રહી કેવલ લહી, શૈલેશીયે સુહાય–શ્રી શ્રેયાંસ–મોહન૦...(૧)

શુષિર-પૂરણથી હીનતા, યોગનિરોધ ને કાળ–મો૦
હોય ત્રિ-ભાગ અવગાહના, વિ-છંડી કર્મજંજાળ–મો૦ શ્રી૦....(૨)

વાચ્ય નહી સંઠાણથી, તિણે અનિશ્ચિત સંઠાણ–મો૦
પ્રદેશાંતર ફરસ્યા વિના, પામ્યા લોઅગ્ગ-ઠાણ–મો૦ શ્રી૦....(૩)

પ્રથમ સમય અનંતર કહ્યા, પછી પરંપર સિદ્ધ–મો૦
વેત્તા સવિ જગ-ભાવનો, પણ કોઈ પયત્થ ન ગિદ્ધ–મો૦ શ્રી૦....(૪)

ચિદાનંદ નિત ભોગવો, સાદિ-અનંત સ્વરૂપ–મો૦
જન્મ-જરા-મરણે કરી, નવિ પડવું ભવ-કૂપ–મો૦ શ્રી૦...(૫)

મોહક્ષયી પણ તાહરા, ગુણ ગાવા સમત્થ–મો૦
પણ જ્યું શિશુ-સાગર મવે[1], વિસ્તરણ કરી નિજ હત્થ–મો૦ શ્રી૦....(૬)

તિણે જિનવર ઉત્તમ પ્રતે, વિનતિ કરીયેં એહ–મો૦
નિજ પદ-**પદ્મ** સેવક ભણી, દીજે શિવસુખ જેહ–મો૦ શ્રી૦....(૭)

---
૧. માપે

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(ઈડર આંબા આંબલી રે-એ દેશી)

શ્રીશ્રેયાંસ જિનરાજજીરે, ચિદાનંદ ભગવાન,
ત્રિણ કાળના જ્ઞેયનેરે, જાણે અનંતે જ્ઞાન,
જિનેસર ! તું પ્રભુ ! જગદાધાર, તુંહિ જગ - હિતકાર – જિને૦(૧)

ધર્મ્માદિક સહુ દ્રવ્યના રે, ગુણપર્યાય સમેત,
નિત્યાનિત્ય તસુ ધર્મ્મને રે, જ્ઞાયકતા નિજ ખેત–જિને૦(૨)

છતીપર્યાય જે જ્ઞાનનાં રે, તે તો નવિ બદલાય,
વર્ત્તના નવનવ જ્ઞેયની રે, સમયમાં તે સવિ જણાય–જિને૦(૩)

સામાન્ય સ્વભાવ જ્ઞેયનો રે, સામાન્યે સવિ દેખંત,
સમયાંતર દર્શન મુખ્યતા રે, પ્રગટે તાહરે અનંત–જિને૦(૪)

જ્ઞાનાદિક નિજ ગુણ તણી રે, ભોગશક્તિ અસમાસ,
તેહજ વીર્ય અનંતતારે, અનંત ચઉક્ક ઈમ ખાસ–જિને૦(૫)

ગુણ પર્યાય નિજ ધર્મમેં રે, સદા પ્રવર્તન તંત,
પરપરિણમન તે નવિ ગ્રહો રે, તે માટે ચરણ અનંત–જિને૦(૬)

માહરી પણ એહવી અનંતતા રે, પર વિભાવે સંસક્ત,
આવિર્ભાવ પણે હોવે રે, શ્રીશ્રેયાંસ પ્રસક્ત–જિને૦(૭)

પ્રભુ ગુણરંગી ચેતના રે, પરમોદય સુનિદાન,
સૌભાગ્ય - **લક્ષ્મીસૂરિ** સંપજે રે સુયશ-સમાધિ અસમાન—જિને૦(૮)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (મુનિ માન સરોવર હંસલો - એ દેશી)

શ્રી શ્રેયાંસ કૃપા કરો, તું જગ-બાંધવ તાતો રે
અલખ-નિરંજન તું જયો, તું છે જગમાં વિખ્યાતો રે શ્રી૦(૧)

ધન્ય-ધન્ય નરભવ તેહનો ! જેણે તુજ દર્શન પાયો રે
માનું ! ચિંતામણિ-સુરતરૂ, તસ ઘરે ચાલી—આયો રે શ્રી૦(૨)

ધન્ય તે ગામ-નગર-પુરી, જસ ઘરે તું પ્રભુ આયો રે
ભક્તિ ધરી પડિલાભીઓ, તેણે બહુ સુકૃત કમાયો રે શ્રી૦(૩)

જિહાં-જિહાં ઈમ પ્રભુ ગયો, તિહાં બહુ પાપ પલાયો રે
તૂજ મૂરતિ નિરખી ભલી, જેણે તું દિલમાં ધાર્યો રે શ્રી૦(૪)

હવે મુજ પ્રભુ ! લહીજે, તુજ ચરણ નિવાસો રે
ઋદ્ધિ-અનંતી આપીએ, **કીર્તિ** અનંતી આવાસો રે શ્રી૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

શ્રી શ્રેયાંસજી જિનવર સાંભળોજી, એક મોટી અરદાસ
ઈણ ભવે જગમાં કો દીઠો નહિ રે, તુમ સમ લીલ વિલાસ–શ્રી૦(૧)

તું નિરાગી રાગ ધરે નહિં જી, મુજ મન રાગ અભંગ
સંગ મળે જો બેહુનો એકઠો જી, તો મન ઉપજે રંગ–શ્રી૦(૨)

સંદેશો પણ પરઠ[1] સુણાવવાજી[2], ન મલે વચ્ચે દલાલ
અંતરજામી જઈ અલગા રહ્યાજી, મિલવાનો જંજાલ–શ્રી૦(૩)

કાલાવાલા નિત્ય પ્રભુ આગલે જી, કરતાં જાણશો આપ
જો પોતાના કરીને થાપશોજી, મટશે સર્વ સંતાપ––શ્રી૦(૪)

**વિમલ** મને વરસીદાન દીજતાંજી, પાંતી ન પડે ભાગ
તુજ દોલતથી હવે તે પામશું જી, મીઠી સુખની જાગ–શ્રી૦(૫)

૧. તારા સુધી ૨. સંભળાવવા

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (દેશી-અલબેલાની)

શ્રી શ્રેયાંસજિન સાહિબા રે લાલ, મોરી અરજ સુણો એકંત–જાઉં૦વારી રે૦
પ્રાણ-વલ્લભ તું માહરે લાલ, તુજ સમ અવર ન સંત–જાઉં૦ શ્રી૦(૧)

મોટા પ્રભુની ચાકરી રે લાલ, તે કિમ નિષ્ફળ જાય–જાઉં૦
સેવકને સુખીયો કરો રે લાલ, મન મોટે કરી સુપસાય –જાઉં૦ શ્રી૦(૨)

અંતરજામી તુજ વિના રે લાલ, કિણ આગળ કહીયે બાપ–જાઉં૦
દિલભીતરની વાતડી રે લાલ, કહ્યા પાખે તું જાણે આપ–જાઉં૦ શ્રી૦(૩)

પરમેસરશું નેહલોરે લાલ, કિમ કીજે કિરતાર–જાઉં૦
ચંચળ મન તે માહરૂં રે લાલ, ખિણ ન રહે થિર નિરધાર–જાઉં૦ શ્રી૦(૪)

વિષ્ણુનંદન વંદના માહરી રે લાલ, તુમ્હે માનજો વારંવાર–જાઉં૦
મેરૂવિજય વિબુધતણો રે લાલ, શિષ્ય-**વિનીત**નાં વિઘ્ન નિવાર–જાઉં૦ શ્રી૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

### (રાગ-ખંભાતી)

મેરો મન કિતહી ન લાગે; મેરો૦
સુખકર શ્રી શ્રેયાંસજિનંદ સો, પ્રેમ બઢયો ગુનરાગે–મેરો૦....(૧)

સમતા ભરી તુજ સૂરત નીકી, દેખતરી હિત જાગે
લગન લગી અટકયો રહે અહનિશિ, અલિ જ્યौं કમલપરાગે–મેરો૦...(૨)

એતી નિવાજસ[1] કરત મેં રાજી, તુમ ગુન એક વિભાગે
કહે **અમૃત** ઈતનો હી દીજે, કછુઅ ન ચાહું આગે–મેરો૦...(૩)

---

૧. બક્ષીસ

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

### (દેહી દેહી નણંદ હઠીલી-એ દેશી)

વંદો વંદો એહ જિણંદ, પદ પ્રણમે સુર જન વૃંદારી; વંદો૦ષ્ણુ
શ્રી શ્રેયાંસ[1] મુણિંદા, [2]વિષ્ણુકુલ ① કુવલયચંદારી–વંદો૦...(૧)

માતા[3] વિષ્ણુરાણીજાત, લંછન[4] ખડ્ગી ② ઉપશાંતરી; વંદો૦
આયુ[5] વરસ ચોરાશી લાખ, એહવી પ્રવચન③સાચી સાખરી–વંદો૦....(૨)

શુભ સિંહપુરિપતિ જાણ, એંશી ધનુષનું દેહ[6]-પ્રમાણરી–વંદો૦
જસ સહસ ચોરાશી મુણિંદા[7], છિહોતર જાસ ગણધારરી[8]–વંદો૦...(૩)

જસ એક લખ તીશ હજાર, સાહુણી[9] નિરધારરી–વંદો૦
શ્રીમાનવીદેવી[10] જખેસસુર[11] શાસન મંગલકારીરી–વંદો૦...(૪)

જસ અષ્ટાપદ[12]સનૂર, ઘનમોહતિમિર કરે દૂરીરી–વંદો૦
પ્રભુ પ્રમોદસાગર સુખપૂર, પ્રગટયો અનુભવ ગુણ સૂરીરી–વંદો૦....(૫)

---

૧. વિષ્ણુરાજાના કુળરૂપી કુમુદ=ચંદ્રવિકાશી કમલ ખીલવવા ચંદ્ર જેવા ૨. ગેંડાનું ૩. આગમની

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(સાંભળો રે તું સજની મારી, રજની ક્યાં રમી આવીજી)

શ્રી શ્રેયાંસ [1]નિઃશ્રેયસ યાયી, શ્રેયોવૃધ્ધિ-વિધાઈ રે ।
જિણે નિજ આતમ-સિદ્ધિ નિપાઈ, સહજ રિદ્ધિ સવિ પાઈ, પ્રભુજી ! સુખદાઈ ॥૧॥
મિથ્યા રજની વિનાશનકારી, [2]દિનકરને [3]અનુહારે ।
કર્મગજેંદ્રઘટા વિનિવારી, મૃગપતિ-વિક્રમધારી—પ્રભુ૦...॥૨॥

અજ્ઞાન-ક્રોધ પ્રમુખ જે દોષા, દૂરે કર્યા રાગ રોષારે ।
ભાષા દોઈ વદે ચિહું કોશા, સત્ય અસત્ય-મોષા—પ્રભુ૦..॥૩॥

જેહની શીતળ મુદ્રા, દીસે દેખત હિયડું હીસે રે ।
અતિ સુપ્રસન્ન રહે નિશિ દીસે, અવિતત્ત, વિસવાવીશે—પ્રભુ૦...॥૪॥

દોષરહિત ગુમસહિત જે દેવા, નિતુ કીજે તસ સેવા રે ।
વાઘજી મુનિના ભાણને હેવા, ચરણ રહુ નિતમેવા—પ્રભુ૦..॥૫॥

---

૧. મોક્ષમાં જનારા ૨. સૂર્યને ૩. અનુસરે ૪. ગરમ ન થાય

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(કાનજી કાળાને વાંસળીવાળા ન કરે તું ચાળા-એ દેશી)

શ્રી શ્રેયાંસ કૃપાકર ઠાકુર, ચાકરશું ચિત્ત દીજે રે
લોકાલોક પ્રકાશ [1]દિવાકર, માહરાં વયણ સુણીજે રે
સુગુણતણા [2]રત્નાકર સ્વામી, વહિલી સુ-નજર કીજે રે
તાહરે છે બહુ સેવક તો ઈક, મુજ મન તુજશું રીઝે રે..।।૧।।

ન ગમે મુજને તુજ વિણ બીજો, દીઠો [3]સુહણ નાથ રે
તોકિમ પ્રત્યક્ષ તેહને દેખું, તે નહી શિવપુર સાથ રે
એક નિસનેહી એક સનેહી, નેહ કિણિ પરે થાય રે
એકપખી જે પ્રીત કરતાં, કિમ નિરવાહી જાય રે..।।૨।।

રાખે મનડાં તું સવિ જનનાં, નિજ મન ક્યાં ન મેળે રે
લલચાવે નિજ રૂપ દેખાડી, સહજ સ્વભાવમાં ખેલે રે
રાગે કરીને ભવિને રંજે, પણ તું તો વીતરાગ રે..।।૩।।

એહવાશું મેં ચિત્તડું બાંધ્યું, પહેલાં કાંઈ ન વિચાર્યું રે
હવે નિર્વાહન પ્રભુથી હોશે, એ નિશ્ચય મે ધાર્યું રે
સંગ રહિતને મિલવાનું જે, તે કારણ મેં જાણ્યું રે
ત્રિકરણ જોગે ભક્તિ કરી જે હિયડામાંથી આણ્યું રે..।।૪।।

મુજને ભાવે ભક્તિ કરતાં, હિત કરીને શીખાવો રે
હું મૂરખ મતિહીન મહાશઠ, એહવો શું સમજાવો રે
શ્રી અક્ષયચંદ સૂરીશ સુગુરૂની, કરૂણા જયારે થાશે રે
શિષ્ય ખુશાલમુનિના દુશ્મન, દશ દિશિ દૂર પલાશે રે..।।પ।।

૧. સૂર્ય ૨. સમુદ્ર ૩. સ્વપ્ને

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(ધરમજિણેસર ગાઉં રંગશું-એ દેશી)

શ્રી શ્રેયાંસજિણેસર મહારા, પરમનિધિ પરગટ્ટ-સોભાગી ।
ધન ધન તે દિન ધન વળી માહરો, સેવકને ગહગટ્ટ —સો૦શ્રી૦।।૧।।

કમલ-દિનકર કમલા કમલની, વધતી છે જસવેલ—સો૦ ।
સુરીજન-પુરીજન સેવે જે સદા, તે તુજ કૈલાસકેલ —સો૦શ્રી૦।।૨।।

તે માટે પ્રભુ હું તુજ કને, માંગું જગમાં જે સાર —સો૦ ।
પૂરવ પ્રીત વિચારત ઢુંકડી, લહી જિમ લગન નિર્ધાર—સો૦શ્રી૦।।૩।।

ઉઠ્યો અનુભવ હવે એ વાતનો, તે કિમ રહ્યોએ જાય—સો૦ ।
કાલાંતર ફરતાં તુજ મિલ્યો, હવે મુજ આતમઠાય —સો૦શ્રી૦।।૪।।

લંછન ખડગી જે જસ સિંહપુરી સુત શ્રી વિષ્ણુકુમાર—સો૦ ।
કૃતાર્થ કૃત એ કર્મથી, ફળ લહે ચતુર શ્રીકાર —સો૦શ્રી૦।।પ।।

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(પાંચે પાંડવ વાંદતાં મન મોહયો રે-એ દેશી)

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદ રે ।
ગુણ ઇકવિધ ત્રિક પરિણમ્યો, ઈમ અનંત ગુણનો વૃંદ રે ।
મુનિચંદ ! જિણંદ ! અમંદ-દિણંદપરે નિત દીપતો સુખકંદરે ॥૧॥

નિજ જ્ઞાને કરી જ્ઞેયનો જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે ।
દેખે નિજ દર્શન કરી નિજ દ્રશ્ય સામાન્ય જગીશ રે—મુ૦॥૨॥

નિજ રમ્યે રમણ કરો પ્રભુ ! ચારિત્ર રમતા રામ રે ।
ભોગ અનંતને ભોગવો. ભોગે વિણ (તેણે) ભોક્તા સ્વામી રે—મુ૦॥૩॥

દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવરે ।
પાત્ર તુમે નિજ-શક્તિના ગ્રાહક વ્યાપકમય દેવરે—મુ૦॥૪॥

પારિણામિક કારજ તણો, કરતા ગુણકરણે નાથ રે ।
અ-ક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથરે—મુ૦॥૫॥

પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે ।
સહજ અ-કૃત્રિમ અ-પરાશ્રયથી, નિર્વિકલ્પને નિઃપ્રયાસ રે—મુ૦॥૬॥

પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણ-ગ્રામ રે ।
સેવક સાધનતા વરે. નિજ સંવર પરિણતિ પામ રે—મુ૦॥૭॥

પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે ।
તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે—મુ૦॥૮॥

પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂરણાનંદ રે ।
**દેવચંદ્ર** જિનરાજના, નિત વંદો પય-અરવિંદ રે—મુ૦॥૯॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (ગઢડામેં ઝૂલે સહીયાં હાથણી એ દેશી)

મનડો મેં મોહ્યો શ્રી શ્રેયાંસજી, તનડે તુઝ દેખણરી મન દોડ ।
મારી [1]ઓલગડી અવધારો રૂડા રાજીયા, વળી વળી કહિયે બે કર જોડ—મારી૦
રૂપકલા નિહાલી રૂડા રાજવી, લખપતિ લાયક રહે કર જોડ—મારી૦ ॥૧॥

આંખલડી છે પ્રભુની [2]અંબુજ-પાંખડી, જીભલડી તે જાણે [3]અમી-રસ કંદ—મારી૦ ।
નાસિકા પ્રભુની દીપશિખા જિસી, શોભિત સોલ કલા મુખચંદ—મારી૦ ॥૨॥

ગહન જ્ઞાન-ગુણે તું પૂરિયો, મહીયલે પ્રભુ મુદ્રા લાગે મીઠ—મારી૦ ।
લેખે ભવ આણ્યો તેણે આપણો, જન્માન્તર જેણે જિનજી દીઠ—મારી૦ ॥૩॥

લીલી ને લાખેણી જેણે લીન છો, તેહની કાંઈ ચાહ ઘણી છે ચિત્ત—મારી૦ ।
મન તણી જાણ્યો હોંશો માહરી, હિત કરીને દેશ્યો દિલ જો મિત્ત—મારી૦ ॥૪॥

એક તારી જો કરીએ જિનજી ચાકરી, પામીજે તો સફલ સદા સુવિહાણ—મારી૦ ।
પંડિત **જીવવિજય** પદ દાસના, કર ધરી કરીયે કોડિ કલ્યાણ—મારી૦ ॥૫॥

૧. સેવા ૨. કમલની પાંખડી ૩. અમૃતનો રસ ૪. સફળ

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (ઋષભ જિણંદા, ઋષભ જિણંદા)

શ્રી શ્રેયાંસ-જિણેસર સાચો, જગમાંહી એ સુરતરુ જાચો ।
ભવિ-જનને મન-વાંછિત પૂરે, સવિ સંતાપ નિવારે દૂરે—શ્રી૦ ॥૧॥
નિજ-છાયાએ ત્રિભુવન છાયો, કીર્તિ કુસુમ પરિમલ મહકાયો ।
મુનિવર-[૧]મધુકર જેહને પાસે, રસ-લીના નિશિ-દિવસ [૨]ઉપાસે—શ્રી૦ ॥૨॥
ફલનીઆશા ધરી મનમાંહે, સુર-નરપતિ પણ જેહને ચાહે ।
[૩]પ્રાપતિ [૪]પાખે નવિ પામી જે, કોડી ઉપાય જો પોતે કીજે—શ્રી૦ ॥૩॥
કલિકાલે જસ મહિમ ન [૫]ઝંપે. નિરાધાર નવિ વાયે કંપે।
કષ્ટ નહિં બહુવિધ ફળ લહિયે, તેણે એ અભિનવ-સુરતરુ કહીયે—શ્રી૦ ॥૪॥
પૂરણ-ભાગ્ય પ્રમાણે પામી, લોકોત્તર સુરતરુ એ સ્વામી ।
દાન કહે સેવો ધરી નેહ, જિમ પામો સુખ સકલ અ-છેહ—શ્રી૦ ॥૫॥

---

૧. ભ્રમર ૨. સેવે ૩. જે પ્રભુની પ્રાપ્તિ ૪. પિતા ૫. ઝાંખો-ઓછો થાય

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (સાહેબા હે કુંથું જિનેસર દેવ-એ દેશી)

નાયકજી હો ! શ્રી શ્રેયાંસ-જિણંદ કે, ભગતે હું તુમ ભોળીયોજી ।
નાયકજી હો ! સવિ સંસારી વાત, વિસારી હુઓ [૧]પોળીયોજી.....॥૧॥
નાયકજી હો ! દેવ અવર સહુ છાંડી, માયા ધરી તુમ ઉપરેજી ।
નાયકજી હો ! સુજસ સુણ્યો છે અખંડ, અપરાધી પણ ઉદ્ધરેજી.....॥૨॥
નાયકજી હો ! મુજ અવગુણ છે અનેક, તો પણ તે મન મત ધરોજી ।

નાયકજી હો ! વહીએ રાજ વિવેક, ગતિ પડતાં ઉદ્ધરોજી....॥૩॥
નાયકજી હો ! દાખે નહિ જગ-દોષ, રાખે લાજ રહ્યા તાણીજી ।
નાયકજી હો ! આખે આપણો તોષ, મહેર કરે મોટા ધણીજી....॥૪॥
નાયકજી હો ! શું કહીએ બહુવેલ, મેલ મિલાવો મન તણોજી ।
નાયકજી હો ! **મેઘ** મહા રસપૂર, ઉપજે આનંદ અતિ ઘણોજી.....॥૫॥

---

૧. દ્વારપાલ = તમારો ચોકાદીર = તુચ્છસેવક

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (અરિહંત પદ ધ્યાતો થકો-એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિન સાંભળો, સિંહપુર નગર-નિવાસી રે ।
તુમ સેવા મુજ મન વસી, ગજ મન [૧]રેવા જેસી રે–શ્રી૦॥૧॥
જો આપો તુમ સેવના, તો મન હરખ ન માય રે ।
કસ્તુરી-અંબર સહી, જિમ અધિકી મહમાય રે–શ્રી૦॥૨॥
[૨]ગિરૂઆ-જનની સેવના, કદીય ન નિષ્ફલ થાય રે ।
[૩]હરિ [૪]રયણાસર સેવતાં, લચ્છી લહી સુખ-દાય રે–શ્રી૦॥૩॥
રિસહેસર-સેવા થકી, નમિ-વિનમિ નૃપ થાય રે ।
[૬]હર સેવત ગંગા લહ્યા, હરશિર ઉત્તમ ઠાય રે–શ્રી૦॥૪॥
તિમ પ્રભુ ! તુજ સેવા થકી, સીઝે વાંછિત આશો રે ।
તુજ સુ-પસાયે સાહિબા ! [૫]લહીયે લીલ-વિલાસો રે–શ્રી૦॥૫॥
લોહ-ચમક જ્યું માહરો, મન લાગ્યો તુમ સાથે રે ।
તિમ જો મુજશું તુમે મિલો, તો મુક્તિ મુજ હાથે રે–શ્રી૦॥૬॥

મનમોહન ! મુજ વિનતિ, શ્રી શ્રેયાંસ-જિન ! સ્વામી રે ।
દ્યો પ્રભુ ! તુમ પય સેવના, કેશર કહે શિર નામી રે—શ્રી૦॥૭॥

૧. નર્મદા નદી ૨. મોટા ૩. વિષ્ણુ ૪. સમુદ્ર ૫. લક્ષ્મીજી ૬. ગંગાજીએ હર=મહાદેવની સેવા કરતાં મહાદેવના મસ્તક રૂપ ઉત્તમ સ્થાન મેળવ્યું (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (રાજાજી આયા દેશમાં રાણી મહિલ તમારો હો-એ દેશી)

શ્રી શ્રેયાંસ જિણંદજી ! મુજ મુજરો માનો હો,
સાહિબ ! તુમ્હ પય ભેટવા ચિત લાગો જે તાનો હો !
અંતરજામી આતમા તે શ્યું તુમ્હથી છાંનો હો !,
પાર નહી તુમ્હ જ્ઞાનનો તિમ વલી મહિમાનો હો!- —શ્રી શ્રેયાંસ૦॥૧॥
તુમ્હ વિણ પ્રભુ ! હવે [1]અવરને નવિ નમું શીસ હો !,
મન-વચ-કાયા થિર કરી સેવું [2]વિસવાવીસ હો ! ।
તન-ધન-મન માહરો તુંહી જ જગદીશ હો !,
સૂતા-જાગતાં સાંભરે એક તું નિસિ-દીસ હો —શ્રી શ્રેયાંસ૦॥૨॥
મુઝ ચિત્ત તુમ્હ ચરણે વસ્યું, ઉલસ્યું મહારાજ હો !,
મહેર કરો મુજ ઉપરે, ગિરૂઆ જિનરાજ હો ! ।
આપો ચરણની ચાકરી, તુમ્હે ગરીબ-નિવાજ હો !,
[3]મામ વધારો માહરી સારો વાંછિત કાજ હો—શ્રી શ્રેયાંસ૦॥૩॥
તુમ્હ સરિખો દાતા પ્રભુ ! ત્રિભુવને નવિ દીસે હો !,
[4]ઈક-રંગઈ આદર કરી સેવું સુ-જગીશે હો ! ।
પર-ઉપગારી સાહિબો દેખી દિલ હીંસે હો !,
સેવક કહે [5]શ્રી-મુખિ મનની બગસીસે હો ! —શ્રી શ્રેયાંસ૦॥૪॥

[6]મીનતિ કરે બહુ પરે,વિનતિ અવધારો હો !,
અલવેસર અરિહંતજી ! મનથી ન વિસારો હો ! ।
કહે **કનકવિજય** કરૂણા કરી, ભવ-પાર ઉતારો હો !,
પતિત-પાવન નિજ-નામનું પ્રભુ ! બિરુદ સંભારો હો!–શ્રી શ્રેયાંસ૦॥૫॥

૧. બીજાને ૨. સંપૂર્ણપણે ૩. શોભા ૪. એકતા નથી ૫. આપના મુખથી ૬. આજીજી

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (અબ સખી આયો હૈ સાવણ એ-દેશી)

શ્રી શ્રેયાંસ-જિણંદા, પાય પ્રણમેં સુરનર વૃંદા હો ।
મુઝ ચિત્ત ગયણ-દિણંદા, પ્રભુ-નામે અતિ-અણંદા હો૦....॥૧॥
પ્રભુજી ! દીન-દયાલ, કીજે સેવક પ્રતિપાલ હો ।
દીજે રંગ રસાલા, અવસર કિમ દીજીયે ટાલા હો !–પ્રભુ૦....॥૨॥
દિલ ધરી દરસણ દીજીયે, સેવકની સાર કરીજે હો ! ।
ઇણ પરેં છેહ ન દીજીયે; નિત નવલો નેહ ધરીજે હો–પ્રભુ૦॥૩॥
મૂરતિ મોહન વેલી, મુખ ચંદ છબિ અલબેલી હો ।
પૂરણ પ્રીત પહેલી, મુઝ તન ધન જીવ સહેલી હો–પ્રભુ૦॥૪॥
સુંદર મૂરતિ તોરી, મોહી મુઝ નયન ચકોર હો ।
લાગી પ્રીતે ઠગોરી, તેં લીધું ચિત્તડું ચોરી હો–પ્રભુ૦॥૫॥
શિવ સુખ દાયક સ્વામી, પ્રભુ-સેવા પુણ્યેં પામી ।
પ્રભુજી અંતર્યામી, કહે **રૂચિર** સુખકામી હો–પ્રભુ૦॥૬॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(પ્રથમ ગોવાલા તણે ભવેજી એ દેશી)

ઘર બેઠાં આવી મિલ્યાજી, શ્રી શ્રેયાંસ-જિણંદ ।
[1]ઝબકી હું ઉભો થયોજી, દીઠું રૂપ [2]અ-મંદ,-
જિનેસર ! તે મોહીઉં મુઝ મન ।
ઝડ લાગી નેહ-નયણલેજી, ઉલ્લસ્યો પાઉસ તન–જિને૦॥૧॥

સમકિત આંબો મ્હોરીયોજી સેવા પાકી દ્રાખ ।
દીપ્યું અનુભવ આંગણુંજી, પૂરાણો અભિલાષ–જિને૦॥૨॥

નિર્મલ ચિત્ત-સિંહાસનેજી, બેસારું જિનરાય ।
ધર્મ-રંગ કંકુ-રસેજી, પૂજુ પ્રભુના પાય–જિને૦॥૩॥

ઉપશમ નિર્મલ મોતીએજી, વધાવું જગનાથ ।
ભલેઈ દર્શન દીધું તુમ્હેજી, વિનવું જોડી હાથ–જિને૦॥૪॥

તુમને તો ઈમજ ઘટેઇજી, [3]લેખવો મુઝને દાસ ।
**શ્રીભાવપ્રભસૂરિ** કહેજી, પૂરી મુઝ મન આશ–જિને૦॥૫॥

---

૧. ચકિત થઈને ૨. અપૂર્વ ૩. માનીલો

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(જગજીવન જગ વાલહો-એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિણંદની, સુંદર સુરતિ દેખ-લાલ રે ।
રૂપ અનુત્તાર-દેવથી, અનંત-ગુણું તે પેખ-લાલ રે—શ્રી૦॥૧॥

[1]અંગના અંકે ધરે નહિ, હાથે નહિ [2]કરવાલ-લાલ રે ।
વિકારે વર્જિત જેહની, મુદ્રા અતિ રસાળ-લાલ રે—શ્રી૦॥૨॥

વાણી સુધારસ-સારિખી, દેશના દિયે જલધાર-લાલ રે ।
ભવ-દવ-તાપ શમાવવા, ત્રિભુવન - જન - આધાર - લાલ રે — શ્રી૦॥૩॥

મિથ્યા-તિમિર-વિનાશતો, કરતો સમક્તિ-પોષ-લાલ રે ।
જ્ઞાન-દિવાકર દીપતો, વર્જિત સઘળા દોષ-લાલ રે—શ્રી૦॥૪॥

પરમાતમ પ્રભુ સમરતાં, લહીયે પદ નિર્વાણ-લાલ રે ।
પામે દ્રવ્ય-ભાવ સંપદા, એહવી આગમ-વાણ-લાલ રે—શ્રી૦॥૫॥

જૈનાગમથી જાણીયું, વિગતે જગગુરૂ ! દેવ !-લાલ રે ।
કૃપાકરી મુજ દીજીએ, માંગું તુમ [3]પદ-સેવ-લાલ રે—શ્રી૦॥૬॥

તુમ દરિસણથી પામીયો, ગુણ-નિધિ આનંદ-પૂર-લાલ રે ।
આજ મહોદય મેં લહ્યો, દુઃખ ગયાં સવિ દૂર-લાલ રે—શ્રી૦॥૭॥

વિષ્ણુ-નંદન ગુણનીલો, વિષ્ણુ માત-મલ્હાર-લાલ રે ।
અંકે [4]ખડગી દીપતો, ગુણ-મણિનો ભંડાર-લાલ રે—શ્રી૦॥૮॥

સમેતશિખર સિદ્ધિ વર્યા, પામ્યા ભવોદધિ પાર-લાલ રે ।
જિન-ઉત્તમ-પદ-પંકજે, રતન-[5]મધુપ-ઝંકાર-લાલ રે—શ્રી૦॥૯॥

૧. સ્ત્રી ૨. તલવાર ૩. ચરણની ૪. ગેંડો ૫. ભમરો

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઢાલ-હાડાની, દશમદિ હાડા મુને છંછોડિરે જોરાવર હાડા એ-દેશી)**

તું તો સમરથ શ્રેયાંસનાથ રે, જોગીસર જિનજી,
શરણે આયો તોરે હું સહી રે !
તું તો મુક્તિપુરીનો સાથ રે-જોગી૦ —હો સોભાગી જિનજી,
હો મન મોહન જિનજી ! જગજીવન જિનજી ! સમતાના રાગી,
મમતાના ત્યાગી, એહવો ન દીઠો બીજો કો નહી રે૦..॥૧॥

તું તો દીન-દયાલ સનાથ રે-જોગી૦ કાં ન કરો રે,
ચિંતા માહરી રે । તુંને પ્રણમે સુર-નર નાથ રે !
જોગી૦ સોભા૦ મન૦ જગ૦ સમ૦ મમતા૦ -સીસ વહેરે આણ તાહરી રે૦..॥૨॥

તું તો સાંઈ અ-નાથનો નાથ રે-જોગી,
આડો ન ચાલુ મેં તો નાથ શું રે । મુજને ભવ-જલ પડતાં બાંધ રે !
જોગી૦ સોભા૦ મન૦ જગ૦ સમ૦ મમતા૦ -આડિ ન ધરો બહુ હાથસું રે૦ ॥૩॥

તું તો શરણાગત-સુલતાન રે-જોગી૦,
ચરણે માઈ કાં ન રાખો ! સામી આપણે રે । તું તો ભક્ત-વચ્છલ ભગવાન રે !
જોગી૦ સોભા૦ મન૦ સમ૦ મમતા૦ ભૂંડો ને ભલો પાલો તો પણે રે૦ ॥૪॥

હું તો ભવ-ભવ તારો દાસ રે-જોગી૦, કરુણા કરો રે દરિસણ દીજીયે રે ,
એ તો **માણેક મુનિ** અરદાસ રે !
જોગી૦ સોભા૦ મન૦ સમ૦ મમતા૦સુણિને સોભાગી મુજરો લીજીયે રે૦॥૫॥

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (પરમાતમ પરમેસરુ-એ દેશી)

સમિહિત-દાયક સુરમણિ, શ્રી શ્રેયાંસ મહારાજ ।
મહિમાવંત મહંત અનંત-કલાનીલો, કરુણાવંત જહાજ૦॥૧॥

દિન્ન મુનિસર તપ તપી, અચ્યુત વિમાનથી તેહ ।
સિંહપુરીનો નરિંદ [૧]અ-મંદ, ચંદન સમો, પ્રગટ-પ્રભાવી [૨]અ-છેહ૦ ॥૨॥

[૩]શ્રવણે [૪]વિસંભર જનમીયા, મકર રાશિ ગણ દેવ ।
વાનર જોનિ જિણંદ દિણંદ જોગીસરુ, સુર-નરપતિ પ્રણમેવ૦॥૩॥

શ્રી જિન સંવર આદરી, મૌન પણે દોય માસ ।
પાલી પ્રજાલી કુ-કર્મ તિદુક-તરૂ-હેઠલે, ઉદયો જ્ઞાન પ્રકાશ૦॥૪॥

સહસ વાંચજમ [૫]પરિકરે, વરીયા પદ નિર્વાણ ।
સાદિ-અનંત વિલસંત **દીપે** શિવનગરમે, વરત્યા કોડ કલ્યાણ૦॥૫॥

૧. ઉત્તમ ૨. અક્ષય ૩. શ્રવણ નક્ષત્રમાં ૪. પ્રભુજી ૫. પરિવારસાથે

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિજી મ.

(સામી સુહાકર શ્રી સેરીસ પાહની ઢાલ)

શ્રી સેયંસહ અચ્ચુઅ-કપ્પય (૧),
સીહપુર (૨) લંછણ ખગ્ગી પાય (૩) ।
પિઅ-માય વિણ્હુ (૪-૫) મયર-રાસિ (૬),
આઉય લખ સમ ચુલસી (૭) કંચન કાય એ (૮) ।
કાયા જેહની ધનુષ અસ્સી (૯),
છાહુત્તારિ ગણધર હુઆ (૧૦) ।
સિંહપુરી પ્રભુ દિકખ (૧૧),
છટ્ઠે (૧૨) કેવલ નાણીઈ મુણિ જાુઆ (૧૩) ।
ઈગ લખ્ખા તીને સહસ સાહૂણી (૧૪),
સાહૂ સહસ ચઉરાસિઆ (૧૫) ।
ચેઈઅ તિદુંગ (૧૬) નંદ પારણ (૧૭),
સમેત શિવ વાસી (૧૮) ॥૧॥
દુગ લખ સાવય સહસ ઈગુણાસિઆ (૧૯),
ચઉ લખા સાવીયા સહસ અડતાલીઆ (૨૦) ।
ઈગ કોડિ સાયરૂ અંતર જાણિયઈ,
સહસ છવીસે છાસઠિ લખ ઉણીયઈ ।
ઉણીયઈ સય અયર શીતલ-સેઅંસ (૨૧) સવણ રિક્ખય (૨૨),
મન સુદ્ધિ સેવઈ પાય પંકય
માણુય સુરવર જક્ખય (૨૩),
સિરિ વચ્છે દેવી સામિ કેરી (૨૪) ભાવ ધરી ગુણ ગાવે,
ઈગ્યારમો જિનરાજ સેવે તેહના દુઃખ જાવે ॥૨॥

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(હે ! હલધરજી ! હવે કેમ કરવું તેમ પરાક્રમ મોટું-એ દેશી)

હો ! જિનવરજી ! નિજ દરિશણ દેખાડી પ્રીત સુધારીએ ।
તુમ દરિસણ છે ભવ ભય હરણો, આઠ કર્મ જલધિ તારણ તરણો-
સંસારીને શિવ સુખ કરણો હો ! જિનવરજી ! નિજ૦॥૧॥

મુનિ-શ્રાવક ધર્મ દુવિધ ભાખ્યો, તે ભવ્ય જનતા આગલ દાખ્યો ।
તેણે મુજ વચને અમૃત ચાખ્યો-હો ! જિનવરજી !
નિજવાણી સંભલાવી સમક્તિ આપીએ ! નિજ૦॥૨॥

જે હુતા તાપ તણા કારી, તે તે તાર્યા બહુ નર-નારી ।
તુઝસમ નહિ કોઈ ઉપગારી-હો ! જિનવરજી !
નિજ-કર અવલંબાવી તારક તારીએ ! નિજ૦॥૩॥

તું અધ્યાતમ-સૂરજ ઉદયો, તબ મોહાદિક-તમ દૂર ગયો,
ભવિ-મન-માંગ્યાં ન પ્રકાશ થયો-હો ! જિનવરજી !
મન ઉદયાચલ બેસી મિથ્યાત નિવારીએ ! નિજ૦॥૪॥

તુઝ વદન-કમલ દરિસણ પ્યારો, તિહાં મન-મધુકર મોહ્યો માહરો,
ક્ષણ એક તિહાંથી ન રહે ન્યારો-હો ! જિનવરજી !
આલોકન નિત તેહનો મુઝને દીજીયે ! નિજ૦॥૫॥

ધરણેંદ્ર સહસ-મુખશું ભાખે, તારા ગુણ નિત નવલા દાખે,
તોયે પાર ન લહે ગુણનો લેખો-હો ! જિનવરજી !
અનંત ગુણાત્મક ! તું સોહે ગુણ તાહરા ! નિજ૦॥૬॥

સૌભાગ્યચંદ્ર ગુરૂનો સીસ, કહે **સ્વરૂપચંદ્ર** અહો ! જગદીશ !
શ્રેયાંસપણુ દીઓ સુ-જગીશ-હો ! જિનવરજી !
નામ શ્રેયાંસ તુમારુ સમરું ધ્યાનમાં ! નિજ૦॥૭॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

શ્રી શ્રેયાંસ જિન-અગિયારમા, સુણો સાહિબ ! જગદાધાર-મોરા લાલ।
ભવ-ભવ ભમતાં જે કર્યા, મેં પાપસ્થાન અઢાર-મોરા લાલ—શ્રી૦॥૧॥

જીવ-હિંસા કીધી ઘણી, બોલ્યા મૃષા-વાદ-મોરા લાલ ।
અદત્ત પરાયાં આદર્યા, મૈથુન સેવ્યાં ઉન્માદ-મોરા૦ શ્રી૦॥૨॥

પાપે પરિગ્રહ મેલીયો, બળ્યો ક્રોધ-અગનની ઝાળ—મોરા૦ ।
માન-ગજેન્દ્ર હું ચઢયો, પડીયો માયા-વંશ-જાળ મોરા૦ શ્રી૦॥૩॥

લોભે થોભ ન આવીયો, રાગે ત્યાગ ન કીધ—મોરા૦ ।
દ્વેષે દોષ વધ્યો ઘણો, કલહ કર્યો પ્રસિદ્ધ—મોરા૦ શ્રી૦॥૪॥

કૂંડા આળ દીયાં ઘણાં, પર-ચાડી માનનું મૂળ—મોરા૦ ।
ઇષ્ટ મળે રતિ ઉપની, અનિષ્ટ અરતિ પ્રતિકૂળ—મોરા૦ શ્રી૦॥૫॥

પરનિંદાએ પરિવર્યો, બોલ્યો માયામોસ—મોરા૦ ।
મિથ્યાત્વ-શલ્યે હું ભારીયો, નાણ્યો ધરમનો સોસ—મોરા૦ શ્રી૦॥૬॥

એ પાપ થકી પ્રભુ ! ઉદ્ધરો ! હું આલોઉં તુમ સાખ—મોરા૦ ।
શ્રી ખિમાવિજય-પદ સેવતાં, **જશ**ને અનુભવ દાખ—મોરા૦ શ્રી૦॥૭॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

(નીંદલડી વેરણ હુઈ રહી-એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિણંદનું, મેં નિરખ્યું હો !
અપૂરવ મુખ-ચંદ તો । નયન-ચકોરા ઉલ્લસ્યા,
સુખ પામ્યા હો ! જિમ સુરતરૂ-કંદ તો–શ્રી૦॥૧॥

[૧]બિહુ-પખે પૂરણ સર્વદા, ત્રિભુવનમાં હો ! એ પ્રગટે પ્રકાશતો ।
ઉદયકરણ અહનિશ છે, વળી કરતો હો ! ભવિ-કુમુદ-વિકાશતો–શ્રી૦ ॥૨॥

[૨]દોષાકર કદીએ નહીં, નિ-કલંકી હો ! નહિ જલધિ-પ્રસંગ તો ।
[૩]મિત્ર ઉદય કરે અતિ ઘણો, [૪]પક્ષપાતી હો ! નહિ જેહ અ-સંગ તો–શ્રી૦॥૩॥

તેજ થકી સવિ [૫]તમ હરે, નવિ રૂંધે હો ! વાદલ જસ છાયતો ।
ગુરૂ-બુધ જન સેવે સદા, શુભ-કામે હો ! ધરે તાસ સહાયતો–શ્રી૦॥૪॥

અનુભવ[૬]-જલનિધિ-ઉલ્લસે, આનંદિત હો ! હોવે ! ભવિજન[૭]-કોકતો ।
સરસ-સુધારસ-વયણથી, વળી નાશે હો ! મિથ્યા-મત-શોક તો–શ્રી૦॥૫॥

**જ્ઞાનવિમલ**-પ્રભુતા ઘણી, જસ નામે હો ! હોઈ અધિક આણંદ તો ।
વિષ્ણુ-નૃપતિ-કુલ-દિન[૮]-મણિ, અગીઆરમો હો ! વંદુ જિનચંદ તો –શ્રી૦ ॥૬॥

---

૧. પ્રભુજી બંને પક્ષે=માતૃપક્ષ અને પિતૃપક્ષ અગર વ્યવહારથી નિશ્ચયથી, ચંદ્ર તો શુકલપક્ષમાં પૂર્ણ થાય-કૃષ્ણપક્ષમાં ઘટે ૨. દોષાકર=ચંદ્ર પણ પ્રભુજી દોષના, આકર=ખાણ નથી ૩. ચંદ્ર તો મિત્ર=સૂર્યનો અસ્ત થાય ત્યારે ઉગે, પણ પ્રભુજી તો મિત્રભાવે સહુનો ઉદય કરનારા છે ૪. ચંદ્ર તો પક્ષ=કૃષ્ણપક્ષમાં પાતી=પડવાવાળો, ક્ષીણ કલાવાળો, પણ પ્રભુજીની પક્ષપાતી=રાગ-દ્વેષવાળા નથી ૫. અંધકાર ૬. સમુદ્ર ૭. ચકોરપક્ષી ૮. સૂર્ય

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-મલ્હાર)

મહેર કરો મહારાજ, હમ પર-મહેર૦ ।
તુમ બિન સુખ-દુઃખ અંતરગતકી, કિસ આગે કહો જાય ?–હમ૦।।૧।।
અપને સેવકકું સબ ચાહે, તુમ ક્યો રહે હો ? ભુલાય ।
જો કછુ ચૂક પરી [1]વ્હે હમપે, તો દીજે [2]બકસાય–હમ૦।।૨।।
તુમ હો ! સબલ નિબલ હમ સ્વામી ! જોર કછુ ન બસાય ।
સોઈ ભાત કરો તુમ સાહિબ ! જો કછુ આવે દામ–હમ૦।।૩।।
એસો કૌન સંદેશો શિવપુર, જો આવે પહુંચાય ।
**ગુણવિલાસ** શ્રેયાંસ કૃપા કરી, લીજે પાસ બુલાય–હમ૦।।૪।।

૧. થઈ હોય ૨. માફી આપો

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(પ્રીતડી ન કીજે રે નારી પરદેશીયા રે–એ દેશી)

શ્રી શ્રેયાંસ-જિનેસર સાહિબા રે સુખ-સંપત્તિ દાતાર ।
આણંદકારી નાથ નિરંજનો રે, કરુણાકર કિરતાર-
-મુજ મન મોહ્યું રે ગુણ સાંભલી રે–મુજ૦।।૧।।

માનવભવની સંપત્ત દોહિલી રે, તે વલી આરજ દેશ
ઉત્તમ કુલ મર્યાદા ધર્મની રે, સદ્‌ગુરુ નિકટ વિશેષ–મુજ૦।।૨।।

મન શુધ ભાવે [1]જિનવચ ધાર તું રે, વરતવું તેહ વિચાર ।
ચિત્ત ચંચલ જિન થિર નહિ તિહાં રહે રે, મગ મિથ્યાત અપાર–મુજ૦।।૩।।

મારગ તે ઉલંઘી આવીયા રે, જે પ્રભુ વાણી પાસ ।
મહેર કરી મન-મોહન તેહની રે, જિન ! તારો નિજ દાસ–મુજ૦॥૪॥

પંચમ આરે ઇહાં ભવિ-જીવને રે, તુમ [2]ગિરનો આધાર ।
**જગજીવન** જિન વયણ સાંભલી રે, અક્ષય-નિધિ દાતાર–મુજ૦॥૫॥

૧. ભગવાનની વાણી ૨. વાણીનો

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-કાફી)

શ્રેયાંસ-જિનેસર મેરો અંતરજામી ।
ઓર સુરાસુર દેખી ન રીઝું, પ્રભુ-સેવા જો પામી,–શ્રેયાંસ૦॥૧॥
રંકનકી કુણ આણ ધરે ? શિર, તજી ત્રિભુવનનો સ્વામી ।
દુઃખ ભાંજે છિનમાંહી નિવાજે, શિવ-સુખ ઘો શિવગામી–શ્રેયાંસ૦॥૨॥
કયા કહીયે ? તુમશું કરુણા-નિધિ !, ખમજો મેરી ખામી ।
કહે **જિનહર્ષ** પરમ-પદ ચાહું, અરજ કરું શિરનામી–શ્રેયાંસ૦॥૩॥

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

શ્રી શ્રેયાંસનાથ જિણંદજી ! અવધારો [1]અરદાસ-લાલ રે ।
દાસ કરી જો [2]લેખવો, તો પૂરો મન-આશ-લાલ રેં–શ્રી૦॥૧॥
મોટા-નાના આંતરું, લેખવે નહિ દાતાર-લાલ રે ।
સમ-વિષમ-સ્થલ નવિ ગણે, વરસંતો જલધાર-લાલ રે–શ્રી૦॥૨॥
નાનાને મોટા મિલ્યા, સહી તે મોટા થાય–લાલ રે ।
[3]વાહુલીયા ગંગા મિલ્યા, ગંગ-પ્રવાહ કહાય-લાલ રે–શ્રી૦॥૩॥

મોટાને મોટા કરો, એ તો જગતની રીત-લાલ રે ।
નાના જો મોટા કરો, તો તુમ્હ પ્રેમ-પ્રતીત-લાલ રે—શ્રી૦।।૪।।
ગુણ-અવગુણ નહિ લેખવે, અંગીકૃત જે અ-મંદ-લાલ રે ।
[૪]કુટિલ [૫]કલંકી જિમ વહ્યો, [૬]ઈશ્વર શીષે ચંદ-લાલ રે—શ્રી૦।।૫।।
અવગુણીએ પણ ઓળગ્યો, ગુણવંત તું ભગવંત-લાલ રે ।
નિજ સેવક જાણી કરી, દીજે સુખ અનંત-લાલ રે—શ્રી૦।।૬।।
ઘણી શી વિનતી કીજીયે ?, જગજીવન જિનનાહ-લાલ રે ।
**નયવિજય** સેવક કીજીયે, અંગીકૃત-નિર્વાહ-લાલ રે—શ્રી૦।।૭।।

૧. વિનતિ ૨. માનો ૩. નાનાં વ્હેણો ૪. વાંકો ૫. કલંકવાળો ૬. મહાદેવના માથે

## કર્તા : માનવિજયજી મ.

### (અનંત વીરજ અરિહંત)

શ્રી શ્રેયાંસ-જિણંદ ઘનાઘન ગહગહ્યો,
વૃક્ષ અશોકની છાયા સુભર છાઈ રહ્યો ।
ભામંડલની ઝલક, ઝબુકે વીજળી,
ઉન્નત ગઢ તિગ, ઈન્દ્ર-ધનુષ શોભા મિલી।।૧।।
દેવ-દુંદુભિનો નાદ, ગુહિર ગાજે ઘણું,
ભાવિક-જનનાં નાટિક, મોર ક્રીડા ભણું ।
ચામર કેરી હાર ચલંતી બગતણી,
દેશના સરસ સુધારસ, વરસે જિનપતિ ।।૨।।
સમકિતી ચાતક વૃંદ તૃપ્તિ પામે તિહાં,
સકલ કષાય-દાવાનલ શાન્તિ હુઈ જિહાં ।
જનચિત્ત-વૃત્તિ સુભૂમિ, નેહાલી થઈ રહી,
તેણે રોમાંચ અંકુર વતી કાયા લહી.।।૩।।

શ્રમણ કૃષીવલ સજ્જ, હુએ તવ ઉજ્જમી,
ગુણવંત જ્ઞાન-ક્ષેત્ર સમારિ સંયમી ।
કરતાં બીજાધાન સુ-દાન નીપાવતા,
જેણે જગના લોક, રહે સવિ જીવતા...॥૪॥
ગણધર ગિરિતટ સંગી થઈ સૂત્ર ગુંથતા,
તેહજ નદી પ્રવાહે, હુઈ બહુ પાવતા ।
એહજ મોટો આધાર, વિષમ કાલે લહ્યો,
**માનવિજય** ઉવજ્ઝાય, કહે મેં સદહ્યો..॥૫॥


# શ્રી શ્રેયાંસનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઈચ્છે અવર કુણ દેવાજી ॥
કનક તરુ સેવે કુણ પ્રભુને છંડી, સુરતરુ સેવાજી ॥
પૂર્વપર અવિરોધી સ્યાત્પદ, વાણી સુધારસ વેલીજી ॥
માનવી મણુએસર સુપસાયે, વીર હૃદયમાં ફેલીજી ॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત ॥
પ્રભુના અવદાત, તીન ભુવનમેં વિખ્યાત ॥
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત ॥
કરી કર્મનો ઘાત, પામીઆ મોક્ષ શાત ॥૧॥



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

## શ્રી શ્રેયાંસનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : વિષ્ણુ રાજા | માતાનું નામ | : વિષ્ણુમાતા |
| જન્મ સ્થળ | : સિંહપુરી | જન્મ નક્ષત્ર | : શ્રવણ |
| જન્મ રાશી | : મકર | આયુનું પ્રમાણ | : ૮૪ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૮૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૨ માસ | દીક્ષા વૃક્ષ | : તહુંક વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૭૬ | [illegible] નગરી | : સિંહપુરી |
| સાધુઓની સંખ્યા | : ૮૪,૦ | | ૩,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૭૯ | | ૮,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : મનુજ | | વત્સા |
| પ્રથમ ગણધરનું નામ | : કચ્છ | | રણી |
| મોક્ષ આસન | : કાઉસ્સગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : જેઠ વદિ ૬ | જન્મ કલ્યાણક | : ફાગણ વદિ ૧૨ |
| દીક્ષા કલ્યાણક | : ફાગણ વદિ ૧૩ | કેવલજ્ઞાન કલ્યાણક | : મહા વદિ અમાસ |
| મોક્ષ કલ્યાણક | : શ્રાવણ વદિ ૩ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

| | | |
|---|---|---|
| નુષ | આયુનું પ્રમાણ | : ૮ |
| ીત | શરીરનું વર્ણ | : સુવ |
| સ | કેટલા સાથે દીક્ષા | : ૧, |
| | દીક્ષા વૃક્ષ | : તહુ |
| | જ્ઞાન નગરી | : સિં |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩